Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં.
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના, રોગે હણાયે નહી,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી, શોધ્યે જ્વલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. ભાદ્રપદ. સંવત ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૬ ઠ્ઠો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


1 પાંચમી અન્યત્વ ભાવના... ...૧૬૩
૨ છઠ્ઠી અશુચિ ભાવના ... ...૧૬૪
૩ સ્વપરના હિત-શ્રેય-કલ્યાણાર્થે શાસ્ત્રકારોનો સદુપદેશ ... ... ...૧૬૫
૪ તીર્થસ્થળે શાસ્ત્રનીતિ પ્રમાણે વર્તન રાખવાની જરૂર ... ... ...૧૬૬
૫ પાપસ્થાનક અગ્યારમું-દ્વેષ ...૧૬૭
૬ મેવાડ મારવાડનાં કેટલાંક તીર્થસ્થાનો.૧૭૫
૭ અહિંસા દિગ્દર્શન... ... ...૧૮૮
૮ જૈનાગમ પ્રકાશન કાર્ય. ... ...૧૯૦
૯ એક ખુશી સમાચાર. ... ...૧૯૪
૧૦ ખમવું ને ખમાવવું ... ...૧૯૪


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री मलयगिरिजीकृत टीकायुक्त

# कर्मप्रकृति

( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઇને તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઇચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ ખાતે આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડત કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઇને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઈ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઈચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઈફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારો પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧–૭–૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. **તંત્રી.**

## નીચેના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખવામાં આવ્યા છે.

| | | કિંમત. | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨॥ | ૦।- |
| ૨ | શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ૦। |
| ૩ | શ્રી જ્ઞાનસાર ટીકાયુકત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ૦॥। | ૦)॥ |
| ૪ | શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ૦)॥ |
| ૫ | શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ૦। | ૦)- |
| ૬ | શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ૦॥ | ૦)॥ |
| ૭ | શ્રી ધનપાળ પંચાશિકા. ટીકા અર્થયુક્ત. | રૂ ૦)॥ | ૦)૩ |
| ૮ | [illegible] ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ૦)॥ | ૦)૩ |

બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો વેલ્યુપેબલનો લાગશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लक्षयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. ભાદ્રપદ. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૫. અંક ૬ ઠ્ઠો.

## पांचमी अन्यत्व भावना.

રાગ-બિહાગ.

**માયા કારમી રે, માયા ન કરો ચતુર સુજાણ—એ રાગ.**

ભવિજન ભાવીએ રે, ભાવના પંચમી અહનિશ ભાવે.—ટેક

તું નહી કોનો[1], કો નહિ તારૂં, જીવ અન્યત્વ અનાદિ;
પરવસ્તુ પુદ્ગળ નહિ તારૂં, જાગ ન થઇશ પ્રમાદી. ભવિ૦ ૧.

જુદો જીવ છે તારો ચેતન, જુદો સ્વજન તમામ;
ધર્મ કર્મ જે સ્વજન કરે તે, આવે નહિ તુજ કામ. ભવિ૦ ૨.

૧ કોઇનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપર વ્હેંચણી કર તું પ્રાણી, તત્ત્વાતત્ત્વ પીછાણી;
ગરજે દાખે પ્રીત પ્રિયા પણ, ગરજ વીત્યે પલટાણી. ભવિ૦ ૩.
પંખી મેળો મળે તરૂ પ્રહ[1], સાંજ સમે વિખરાવે;
કૃત્રિમ આ મેળો પણ તેવો, તાત રહે સુત જાવે. ભવિ૦ ૪.
પંથી પંથ મળે પરદેશી, કોણશું[2] કરીએ પ્રીતિ;
રાત રહી પ્રહ ઉઠી ચાલે, પ્રીતની અનિત્ય રીતિ. ભવિ૦ ૫.
મતલબ ત્યાં લગી સ્નેહ સગાઇ, વ્હાલા પણ પછી વેરી;
ગરજ વીતી તવ હણ્યો પતિને, સુરિકાંતા મહા ઝેરી. ભવિ૦ ૬.
લાક્ષાદિક કુટગૃહ સુત હણવા, બાંધે ચુલણી રાણી;
કુળક્ષય કીધું કૌરવ પાંડવ, લોભે મતિ મુંઝાણી. ભવિ૦ ૭.
લોહપિંજરે શ્રેણિક પૂર્યો, રાજભાગ નિજ લેવા;
પિતુદ્રોહી કુણિકના કૂડાં, રાગ જુઓ છે કેવા. ભવિ૦ ૮.
કોણ સુત કોણ માતા એ ભાવે, લહે કેવળ મરૂદેવા;
કોણ વીર કોણ ગોયમ એ ભાવે, ગૌતમ જ્ઞાન સ્વમેવા. ભવિ૦ ૯.
ધર્મ કરે દુર્ગતિથી ધારણ, જીવને રાખે સાથે;
વિના ધર્મ **સાંકુળચંદ** આખર, જાવું ખાલી હાથે. ભવિ ૧૦.

# छट्ठी अशुचि भावना.

રાગ સારંગ.

**મન માને નહીં, સો ફેરા સમજાવું તોય શું થાય.—એ રાગ.**

અશુચિ ભંડાર, કાયા કુટીલાનો વિશ્વાસ ન કીજીએ;
મળ મૂત્રનું દ્વાર, દુર્ગંધાનો મદ કરી કહો કેમ રીઝીએ. **ટેક.**
રસ કુર કપૂર[1] સરસ આવે, પળમાં વપુસંગે મળ થાવે;
હીરચીર મલિન જસ પરભાવે. અશુચિ૦ ૧.
સોવાર ધુએ મદિરાઘટને, ફરી ફરી ધોઇએ કાયાતટને;
પણ થાય ન નિર્મળ કોઇ યત્ને. અશુચિ૦ ૨.
નર નવ નારી બારે દ્વારે, દિનરાત વહે અશુચિ ભારે;
એ દેહ સસ ધાતુ ધારે. અશુચિ૦ ૩.
છે નારી નર્કતણી બારી, કૃમી કોથળી અશુચિની કયારી;

૧ પ્રભાતે. ૨ કોની સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહરાય રાજધાની પ્યારી. અશુચિ૦ ૪.
મળમૂત્ર ભર્યો ગર્ભાવાસે, ઉંધો લટકયો જીવ નવ માસે;
રહ્યા ચર્મપેટી પૂર્વ અભ્યાસે. અશુચિ૦ ૫.
રૂપે ન સનતકુમાર સમો, ક્ષણમાં વિણસી મહા રોગ રમ્યો;
નિજ પર રૂપે રાચી ન ભમો. અશુચિ૦ ૬.
એ અસાર વપુમાં સાર ભરે, શુભ ધર્મ ધ્યાન પરમાર્થ કરે;
નરભવ સાધી અપવર્ગ વરે. અશુચિ૦ ૭.
એક દિન જાવું આ દેહ તજી, કર સુકૃત શ્રી જિનરાજ ભજી;
બધી બાજી છે તુજ હાથ હજી. અશુચિ૦ ૮.
તુજ હાથ થકી બાજી જાશે, કાંઈ કરી ન શકયાથી પસ્તાશે;
**સાંકળચંદ** સમય ન ફરી ભાસે. અશુચિ૦ ૯.

# स्वपरना हित–श्रेय–कल्याणार्थे भावना चतुष्टयनो समाश्रय करवा भव्यात्माओ प्रत्ये समर्थ शास्त्रकारोनो संक्षिप्त पण सारभूत सद्उपदेश.

**परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ १ ॥**
**( श्री हरिभद्रसूरिः षोडषक मध्ये. )**

**ભાવાર્થ**—પરનું હિત-શ્રેય કેમ થાય? એવું ઉદાર મનથી ચિન્તવન કરવું તેનું નામ **મૈત્રીભાવ,** પરનાં દુઃખ ભંજન કરવા પૂરતો પ્રયત્ન સેવવો તેનું નામ **કરૂણાભાવ,** પરની સુખ સમૃદ્ધિ દેખી સંતોષ પામવો તે **મુદિતાભાવ,** અને પરના દોષ દેખી ચિડાઇ નહિ જતાં સમતા ધારવી તે **ઉપેક્ષાભાવ**—અત્યંત હિતકર જાણી સદા સર્વદા ધર્માર્થી ભાઈ બ્હેનોએ આદરવા યોગ્ય છે.

**मैत्री परस्मिन् हितधीः समग्रे, भवेत् प्रमोदो गुणपक्षपातः।**
**कृपा भयार्ते प्रतिकर्तुमीहा–पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥ २ ॥**
**( अध्यात्मकल्पद्रुमे श्री मुनिसुंदरसूरिः )**

**ભાવાર્થ**—સમગ્ર પ્રાણીવર્ગ ઉપર હિત બુદ્ધિ રાખવી તે **મૈત્રીભાવના,** ઉત્તમ ગુણીજનો ઉપર તીવ્ર ગુણાનુરાગ ધારણ કરવો તે **પ્રમોદ** (અથવા મુદિતા) **ભાવના,** મરણાદિક ભયથી આકુળ થયેલા પ્રાણીઓને બચાવી લેવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતર ઇચ્છા તે દયા યા **કરૂણાભાવના** અને કોઇ રીતે સુધારી ન શકાય એવા પરના દોષ તરફ રાગદ્વેષ રહિત મધ્યસ્થ પરિણામજ રાખવા તેનું નામ **ઉપેક્ષાભાવના** કહેવાય છે. ઉક્ત ભાવના ચતુષ્ટય પ્રતિદિન સહુ સજ્જન ભાઇ બહેનોએ વિચારવા-ભાવવા યોગ્ય છે.

मा कार्षीत् कोपि पापानि, मा चाभूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ ३ ॥

( श्री योगशास्त्रे-श्रीमद् हेमचन्द्रसूरयः )

**ભાવાર્થ**—કોઇપણ પ્રાણી પાપાચરણ મ કરો ! કોઇપણ પ્રાણી દુઃખી ન થાઓ ! અને જગત્ માત્ર દુઃખદ્વંદ્વથી મુક્ત થાઓ ! આવી ઉદાર ભાવના—બુદ્ધિને શાસ્ત્રકાર **મૈત્રીભાવ** કહે છે, જે ખરેખર આદરવા યોગ્ય છે.

सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत् ॥ ४ ॥

**ભાવાર્થ**—સર્વ કોઇ પ્રાણી સુખ-સમૃદ્ધિવંત થાઓ ! સર્વ કોઇ પ્રાણી રોગ રહિત થાઓ ! સર્વ કોઇ પ્રાણી કલ્યાણ પરંપરા પામો ! અને કોઇપણ પ્રાણી પાપાચરણ મ કરો ! એટલે પાપાચરણથી ડરી તેનાથી દૂરજ રહો ! ઇતિશમ્.

સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી.

---

# श्री शत्रुंजयादि पवित्र तीर्थस्थले त्रिजगत्प्रभु श्रीजिनेश्वर भगवाननुं बहुमान साचववा माटे शासन रसिक भव्यजनोए शास्त्रनीतिप्रमाणे वर्तन राखवानी जरुर.

(લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી.)

શ્રી શત્રુંજય, ગિરિનાર, અર્બુદાચલ ( આબુગઢ ) અને સમેતશિખર પ્રમુખ ઉત્તમ તીર્થોને ભેટવા જતાં, તેમજ ગમે તે ગામ, નગર, પુર, પાટણ પ્રમુખ સ્થાનના અલંકારરૂપ શ્રી જિનચૈત્યોને જુહારવા જતા, **પ્રવચન સારોદ્ધાર** પ્રમુખ પવિત્ર શાસ્ત્રોમાં ફરમાવ્યા મુજબ નિસ્સિહી વિગેરે **દશ ત્રિકો** નીચે પ્રમાણે સાચવવી–૧ ત્રણ વાર નિસ્સિહી યથાસ્થાને કહેવી, ૨ ત્રણ પ્રદક્ષિણા દેવી, ૩ ત્રણ પ્રકારે પ્રણામ કરવા, ૪ ત્રણ પ્રકારની અંગ-અગ્ર-ભાવપૂજા કરવી, ૫ પ્રભુની ત્રણે અવસ્થા ભાવવી, ૬ કેવળ પ્રભુ સન્મુખજ દૃષ્ટિ સ્થાપી બાકીની ત્રણે દિશા તરફ જતી દૃષ્ટિને રોકી રાખવી, ૭ પ્રભુને પંચાંગ પ્રણામ કરતાં ત્રણ બખત ભૂમિનું પ્રમાર્જન કરવું, ૮ ચૈત્યવંદનાદિક કરતાં ઉચ્ચારવામાં આવતા શબ્દ, અર્થ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ પ્રતિમાદિકનું બરાબર આલંબન રાખવું એટલે એ ત્રણેનું ઉપયોગસહિત આલંબન લેવું, ૯ તેમજ યોગમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા અને જિનમુદ્રા પણ યથાસ્થાને કરી શક્રસ્તવાદિક સૂત્રો બોલવા અને કાયોત્સર્ગ કરવો, તથા ૧૦ મન, વચન અને કાયાની એકાગ્રતા બરાબર રાખવી.

પાંચ **અભિગમનનું** પણ યથાવિધ પાલન કરવા લક્ષ રાખવું-૧ નિજ ભોગમાં લેવા યોગ્ય પુષ્પમાલ્યાદિક સચેત વસ્તુ બહાર તજી દેવી, ૨ શુદ્ધ વસ્ત્ર અલંકારાદિક અચેત વસ્તુ ધારણ કરીને જવું, ૩ અખંડ ઉત્તરાસંગ નાંખીને અંદર પ્રવેશ કરવો, ૪ એકાગ્ર ચિત્ત કરીનેજ પ્રભુ સમીપ જવું, અને ૫ પ્રભુની મુખ-મુદ્રા નજરે પડતાંજ બે હાથ જોડી મસ્તકે લગાડવા. વળી રાજ્યચિન્હરૂપ લેખાતાં ૧ છત્ર, ૨ ચામર, ૩ મુગટ, ૪ ખડગ તેમજ ૫ ઉપાનહ (પગરખાં) એ પાંચ વસ્તુઓ બહાર મૂકીનેજ પ્રભુ સમીપે જવું ઉચિત છે. યથાવિધિ પ્રભુનાં દર્શન કરીને યથાયોગ્ય દ્રવ્ય-ભાવ પૂજા કરી બહાર નીકળતાં પ્રભુને પુંઠ દઇને ચાલવું નહિં. લૌકિકમાં પણ કોઇ મહાન્ પૃથ્વીપતિ (છત્રપતિ) ની સલામી લઇ પાછા પગલે ચાલવું પડે છે. જો કોઇ તે છત્રપતિને પુંઠ દઇને ચાલે છે તો તેણે અપમાન કરેલું લેખાય છે, તો ત્રિજગત્ પ્રભુનાં દર્શનાદિ કરી પાછાં નિવર્તતાં કેટલો બધો વિનય-વિવેક રાખવો જોઇએ? દરેક કાર્ય વિવેક સહિત કરતાંજ વ્યવહારશુદ્ધિ પળાય છે. આ બાબત સહુ કોઇ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ લક્ષ રાખવાની ખાસ જરૂર છે. વિશેષમાં તો **દેવની પેરે ગુરૂ-સદ્ગુરૂનો પણ વિનય શાસ્ત્રરીતિએ પાળવો યોગ્ય છે.**

શ્રી શત્રુંજયાદિક પવિત્ર તીર્થની સ્પર્શના કરતી વખતે, દેવાધિદેવને જુહારતી વખતે, તેમજ બ્રહ્મચર્ય પ્રમુખ ઉત્તમ ગુણોથી અલંકૃત આચાર્યાદિક પૂજ્ય પુરૂષોના દર્શનાર્થે તેમની સમીપે જતાં, ખુલ્લા-અલવાણે પગે ( bare footed ) પગરખાં કે મોજાં પહેર્યા વગરજ હૃદયમાં તેમના પવિત્ર ગુણોનું સ્મરણ કરતાં અતિ નમ્રપણે ચાલીને જવું ઉચિત છે. તીર્થસ્પર્શનાદિક સમયે ખુલ્લા પગે ચાલવાથી જયણાદિક બહુ પ્રકારના ગુણ સંભવે છે એ ભવ્ય જનોએ ભૂલવું જોઇએ નહિં. તીર્થાદિક પવિત્ર સ્થળે આત્મકલ્યાણાર્થે જતાં **સુખશીલ બની** જવું નહિં, પણ શરીરપરની મમતા તજી, ભાવસહિત દાન, શીલ અને તપવડે સારી રીતે સુકૃત ઉપાર્જન કરી લેવું. 'લગ્ન વેળા ગઇ ઉંઘમાં, પછી વર પસ્તાય' એવું અત્ર આવ્યા છતાં થવું ન જોઇએ. બહુધા ઘર સંબંધી ઉપાધિ ટાળીને નિવૃત્તિથી લાભ લેવા માટેજ પવિત્ર સ્થળોનું સેવન કરવું જોઇએ, અને એવો અપૂર્વ લાભ મેળવવા બરાબર કાળજી પણ રાખવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંસારિક પાપ-આરંભમાં રગદોળાયાથી મલીન થઈ રહેલા અને નિર્મળ થવા ઈચ્છતા ભવ્યજનોએ પવિત્ર તીર્થસ્થળે આવી ત્યાં અદ્‌ભૂત પ્રભુ-પ્રતિમાદિકનું ઉત્તમ આલંબન લહી, સ્થિર ચિત્તથી-ચપળતારહિત, રૂચિપૂર્વક પ્રસન્નપણે ઉપયોગ ( લક્ષ ) સહિત પ્રભુના ગુણગ્રામ કરવા જોઇએ. પ્રભુના ઉત્તમ પ્રકારના અદ્‌ભૂત ગુણોની છાપ આપણા અંતઃકરણ ઉપર સચોટ પડે એવા ચમત્કારવાળા અનેક કાવ્યો ( શ્લોકો ) વડે ઇન્દ્રાદિક દેવોની પેરે પ્રભુની સ્તવના કરી આત્માને આનંદિત કરવો જોઇએ. અથવા તો આપણને આવડે એવી ભાળી ભોળી સ્તુતિઓવડે પણ પ્રભુની પ્રાર્થના કરી આત્માને શાન્ત કરવો જોઇએ. પ્રભુના ઉત્તમ ગુણો ગાતાં અને આપણી શક્તિ અનુસારે તેમની પવિત્ર આજ્ઞાને અનુસરતાં ( રહેણીએ રહેતાં ) આપણે પણ એવા ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાને યોગ્ય બનતા જઇએ છીએ અને એ રીતે ઉત્તમ ગુણો પ્રાપ્ત કરીનેજ પૂર્વે અનંતા આત્માઓએ પોતાનું કલ્યાણ સાધી લીધું છે એ વાત ખૂબ સંભારી રાખવી જોઇએ.

સુખ સહુને પ્રિય છે તેમાં પણ શાશ્વત સુખ-મોક્ષસુખ મળે તો તે કોને પ્રિય ન હોય ? પરંતુ એવું અચળ સુખ કેમ મળે ? તેનો ઉપાય ગવેષાય અને તેનો યોગ્ય આદર કરી શકાય તોજ તે અક્ષય સુખ મેળવી શકાય. અન્યથા મેળવી ન જ શકાય એ સુસ્પષ્ટ સમજી શકાય તેમ હોવાથી તે **અક્ષય સુખનો ખરો ઉપાય** આપણે શોધી લેવો જોઇએ.

### " મોક્ષસુખનો ઉપાય. "

**તત્ત્વાર્થ સૂત્રકાર** કહે છે તેમ **સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર** એ ( સાથે ) મોક્ષપ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. શ્રી જિનેશ્વર ભગવાને ભાખેલા તત્ત્વાર્થ ( ભાવો ) માં યથાર્થ શ્રદ્ધાન આવવું એ **સમ્યગ્ દર્શન** યાને **સમ્યક્ત્વ** છે. તેવો **નિર્મળ બોધ** થવો તે **સમ્યગ્ જ્ઞાન** છે. અને એ ઉભયના પરિણામે **સ્વરૂપ સ્થિરતા** પ્રાપ્ત કરવી એ સમ્યક્ ચારિત્ર છે; બીજા શબ્દમાં આત્મ ( તત્ત્વ ) શ્રદ્ધા, આત્મ (તત્ત્વ) જ્ઞાન, અને આત્મ ( તત્ત્વ ) રમણતા એજ મોક્ષનો સીધો માર્ગ છે. એ ઉત્તમ માર્ગ પામવા માટે અને એમાંજ આગળ પ્રયાણ કરવા માટે શુદ્ધ દેવ-ગુરૂનાં, સત્પુરૂષોનાં, શત્રુંજયાદિક પવિત્ર તીર્થસ્થળોનાં, તેમજ તેમાં પાવન થવા આવતા અને આવેલા ભાવિક જનોનાં ( શ્રી સંઘનાં ) દર્શનાદિક સદ્‌ભાવથી કરવાનાં છે. એ લક્ષ સહુ યાત્રિકોએ સદાય રાખી રહેવાનું છે-ભૂલવાનું નથી. પવિત્ર તીર્થસ્થળોમાં પુન્યયોગે અનાયાસે પ્રાપ્ત થતા સત્સમાગમનો અપૂર્વ લાભ લહી બને તેટલી તત્ત્વગવેષણા કરવી, સ્વશંકા-શલ્યનું નિરાકરણ કરી લેવું અને એમ કરી આત્મ-શ્રદ્ધાનો પાયો મજબૂત કરવો અને તેના ઉપર યથાશક્તિ વ્રત નિયમ અંગીકાર કરી લેવા રૂપ શુભ-સંગીન વિરતિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ ઇમારતનું ચણતર ચણવું એ બહુજ હિતકારી છે. પણ આ બધું પુદ્ગલિક સુખની ઇચ્છા–કામનારહિત–નિષ્કામપણેજ કરવામાં આવે તો પરિણામે તે અક્ષય સુખ આપવાવાળું થઇ શકે એમ હોવાથી આ લોક સંબંધી તેમજ પરલોક સંબંધી સુખ પ્રાપ્તિરૂપ ફળ માટે તાલાવેલી જરાય કરવી ઉચિત નથી. મુમુક્ષુજનો એવાં ક્ષણિક સુખની લગારે તમા રાખતા નથી. નિઃસ્પૃહપણે આત્મસાધન કરનારનું લક્ષ–બિંદુ સર્વ ઉપાધિથી સર્વથા મુક્ત થઇ અજરામર પદ પામવાનું–અથવા સ્વરૂપ સાક્ષાત્કાર કરી લેવાનું હોય છે. એવા મહાશયો બીજાં કૃત્રિમ સુખમાં રતિ–પ્રીતિ કેમજ ધારણ કરે? અહીં પ્રસંગોપાત મોક્ષના ઉપાય માટે વેદાદિક અન્ય શાસ્ત્રમાં પણ કંઇક કહેલું ઉપયોગી જાણીને ટાંકી બતાવું છું. તેમાંથી હંસવત્ સારમાત્ર ગ્રહી સ્વ હિતમાર્ગમાં પ્રયાણ કર્યા કરવું.

"શાશ્વત સુખનો ઉપાય–પરમાત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું એજ છે."

પ્રભુપણે પ્રભુ ઓળખીરે, અમલ વિમલ ગુણ ગેહ; ઇત્યાદિક તેનુંજ સમર્થન કરે છે.

"મનનો લય કરવો એ પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન થવાનો ઉપાય છે."

"શુદ્ધ–નિષ્કામ કર્મ–ઉપાસના કરવી તે મનના લયનો ઉપાય છે."

"આ સર્વ જગત્ વિનાશી છે એમ વિચારપૂર્વક જાણવું અને અનુભવવું અને તેવો દૃઢ નિશ્ચય કરવો એ **નિષ્કામ** થવાનો ઉપાય છે."

શાંતસુધારસમાં પણ એવોજ આશય સમાવેલો છે. વળી શ્રીમાન્ યશોવિજય ઉપાધ્યાયજી ગાય છે કે "તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ, તેહિજ જ્ઞાન ને ચારિત્ર તેહ છેજી; તેહથી જાયે સઘળાં હો પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછે જી, ધન્ય દિન વેળા ધન્ય ઘડી તેહ૦" તેમજ શ્રી દેવચંદજીએ કથ્યું છે કે—

**"પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણ ગેહ:**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ. જિન૦"**

## "પવિત્ર તીર્થસ્થલમાં સ્વકર્તવ્ય."

જેનાવડે તરીએ અથવા જે તારે–તારી શકે–તરવાનું સામર્થ્ય સમર્પે તે તીર્થ કહેવાય છે. તેમાં શ્રી શત્રુંજય, ગિરિનાર પ્રમુખ લોકોત્તર સ્થાવર તીર્થો છે અને શ્રી ગણધરાદિક ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ ગણાય છે. તેવા પ્રત્યેક પાવન તીર્થનો પુન્યયોગે સંયોગ પામીને આપણું જે કર્તવ્ય છે તે કરવા સાવધાન રહેવું એ આપણી પવિત્ર ફરજ છે.

શ્રી શત્રુંજયાદિક તીર્થને ભેટવા જતાં પ્રસંગે આપણા અધિક પુન્યયોગે જો જંગમ તીર્થરૂપ પવિત્ર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓનો સંયોગ મળે તો તેનો ઉચિત આદર કરવા કદાપિ ભૂલવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પવિત્ર તીર્થનાં શુભ વાતાવરણમાં આવ્યાથી ભવ્ય જનોને વ્રત પચ્ચખ્ખાણ કરવારૂપ વિરતિના પરિણામ જાગે એ સ્વાભાવિક છે. એ વ્રત નિયમ શુદ્ધ દેવ-ગુરૂની સાક્ષીએ કરાય તો તે અધિક લાભકારક છે એમ સમજી શુદ્ધ દેવગુરૂ પાસે **વિનય–બહુમાન પૂર્વક** ઉલ્લસિતભાવે ઉપયોગસહિત યથાશક્તિ વ્રત નિયમ અંગીકાર કરીને તે અંગીકાર કરેલા વ્રત નિયમોને સિંહની પેરે પુરૂષાર્થ ફોરવી અખંડ આરાધવા પૂરતી કાળજી રાખવી જરૂરની છે.

જે કંઈ ધર્મ કરણી કરવા ક્ષયોપશમ (શક્તિ) અનુસારે પ્રયત્ન કરાય તે પ્રથમ જણાવ્યા મુજબ નિષ્કામપણે ( આલોક પરલોક સંબંધી પુદ્ગલિક સુખની આશા રાખ્યા વગર–નિરીચ્છક ભાવે ) કરવા નિશ્ચય રાખવો. એથી અંતે શાશ્વત સુખની સિદ્ધિ થાય છે. અને દેવગતિ, મનુષ્યગતિનાં ઉત્તમ સુખ પણ સહેજે સાંપડે છે.

કેટલાક મુગ્ધ ભાઈ બહેનો પવિત્ર તીર્થાદિક સ્થળે લાભ લેવા ગયા હોય તેમ છતાં વિકથાદિક પ્રમાદ ( પરનિંદા, આપબડાઈ, કલેશ–અસમાધિ ) નું સેવન કરી આત્માને ઉલટો મલીન કરી નાંખે છે, એ બહુ ખેદકારક બીના છે. તેવા ભાઈ બહેનોએ તેમના પોતાના તેમજ બીજા સારા યાત્રિકોના લાભની ખાતર પણ તેવા પ્રમાદ આચરણથી દૂર રહેવા પ્રયત્ન કરવો જોઈએ.

વિકથાદિક કરતાં કરતાં તીર્થ વાટે ચાલતાં જીવ–જયણા ( રક્ષા ) પણ પાળી શકાતી નથી, એટલુંજ નહિં પણ ગેરઉપયોગથી ચાલતાં માર્ગમાં કેઈક વખત ઠોકરો લાગે છે, જેથી સ્વપરની વિરાધના થઈ જાય છે એ વાત અનુભવ સિદ્ધ છે.

કેટલાક મુગ્ધ જનો તીર્થના ઉચ્ચ પ્રદેશોમાં આવી જે શુભ ધ્યાન–ચિંતવન પ્રમુખ કરવાનું છે તે નહિં કરતાં જ્યાં ત્યાં દેરાસર જેવા પવિત્ર સ્થાનોની ભીંતો ઉપર કોલસા કે પેન્સીલવડે પોતાનાં નામઠામ વિગેરે ઈચ્છામાં આવે તેમ લખી નાંખી જાણે પોતાના નામને અમર કરતા હોય તેમ માને છે પણ એથી તેઓ અજ્ઞાનવશ ધર્મસ્થાનની આશાતના કરે છે. એવી ભૂલ સુધારી લેવા આપણે ખ્યાલ રાખવો–રખાવવો જરૂરનો છે.

શત્રુંજયાદિક મહાતીર્થ સ્થળે જ્યારે યાત્રિક ભાઈ બહેનોની વધારે ભીડ હોય અને દર્શન પૂજા એકજ સ્થળે કરતાં પરસ્પર બહુજ સંઘટ્ટ થતો હોય ત્યારે માંહોમાંહે ધક્કામુક્કી નહિં કરતાં એવી ભીડ ઓછી થઈ દર્શનાદિક માટે અનુકૂળતા થાય ત્યાંસુધી સુજ્ઞ ભાઈ બહેનોએ બીજે સ્થળે સ્થિર ચિત્તથી પ્રભુનાં દર્શન, પૂજન, સ્તવનાદિક કરીનેજ સંતોષ માનવો જોઈએ.

ઉપર મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના ચૈત્ય ફરતી ૩ અથવા ૯૯ પ્રદક્ષિણા દેતાં જેમ કેટલાક ભાઈ બહેનો દોડાદોડ કરી મૂકે છે તેમ કરવું ઉચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એથી પોતાને અને પરને પણ વખતે ઘણી કિલામણા ઉપજે છે; તેથી તેવી ધમાધમ નહિં કરતાં બની શકે તેટલી ક્રિયા સ્થિરતાપૂર્વકજ કરવા લક્ષ રાખવું.

કેટલાક ભાઈ બ્હેનો જાણે આંખ મીંચીને ઉપર ચડતા હોય અને દેરાસરો વિગેરેમાં ફરતા હોય તેમ અરસપરસ અથડાઇ પડે છે, સાધુ સાધ્વીઓ સાથે સંઘટ્ટ કરે છે, તેમ કરવું અનુચિત છે. જયણાપૂર્વક સ્થિરતાજ થાય તેટલું બસ છે. ટુંકાણમાં અલ્પ આશાતનાથી સંકોચ જણાવે અને મહાન આશાતના (વિષય કષાય અને વિકથાદિક વિરૂદ્ધ આચરણનું યથેચ્છ સેવનરૂપ) કરે તે તો ખાળે ડૂચા દઇ દરવાજા ઉઘાડા મૂકવા જેવી અનિષ્ટ નીતિ અવશ્ય તજવા યોગ્ય છે.

ઇતિશમ્.

# पापस्थानक अग्यारमुं ( द्वेष ).

(લાલનની દેશી.)

દ્વેષ ન ધરીએ, લાલન, દ્વેષ ન ધરીએ; દ્વેષ તજ્યાથી લાલન શિવસુખ વરીએ, લા૦ શિ૦
પાપસ્થાનક એ અગ્યારમું કરૂં, દ્વેષ રહિત ચિત્ત હોય સવી રૂડું. લા૦ હો૦ ૧
ચરણ કરણ ગુણ બની ચિત્રશાળી, દ્વેષ ધુમ્રે હોયે તે સવિ કાળી. લા૦ તે૦
દોષ બેંતાળીશ શુદ્ધ આહારી, ધુમ્ર દોષે હોય પ્રબળ વિકારી. લા૦ પ્ર૦ ૨
ઉગ્ર વિહારને તપ જપ કિરિયા, કરતા દ્વેષ તે ભવમાંહે ફરિયા. લા૦ ભ૦
યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું. લા૦ તે૦ ૩
નિર્ગુણી તે ગુણવંત ન જાણે, ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે. લા૦ દ્વેષ૦
આપ ગુણી ને વળી ગુણરાગી, જગમાં તેહની કીરતિ જાગી. લા૦ કી૦ ૪
રાગ ધરીજે જિહાં ગુણ લહિએ, નિર્ગુણી ઉપરે સમચિત્ત રહીએ. લા૦ સ૦
ભવથિતિ ચિંતન સુજસ વિલાસે, ઉત્તમના ગુણ એમ પ્રકાસે. લા૦ એ૦ ૫

ઇતિ.

શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજ આપણા એકાન્ત હિતની ખાતર દ્વેષ નામનું અગ્યારમું પાપસ્થાનક પરિહરવા ઉપદેશ આપે છે કે–હે ભવ્યાત્માઓ ! તમે પારકી ઇર્ષા–અદેખાઇ ન કરો. જો તમે તેવા દુર્ગુણને તજશો તોજ તમે સુખ-શાન્તિને અનુભવશો અને અનુક્રમે શાશ્વત સુખ પણ પામશો, જેથી તમને કાયમ પરમ શાંતિ પ્રાપ્ત થઈ શકશે. બીજા ઉપર ખાર (ઇર્ષ્યા) લાવવાથી પ્રથમ આપણુંજ બગડે છે કેમકે તેથી આપણી સુખ–શાંતિમાં ભંગ પડે છે અને આપણામાં અધેની પથરાય છે. જે ભાગ્યવંત જનો એ અપલક્ષણથી અળગાજ રહે છે તેમનું ચિત્ત બહુ સારૂં (પ્રસન્ન) રહે છે તથા તેમની મુખમુદ્રા પણ શાન્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને મનોહર લાગે છે. કહો ! ત્યારે હાથે કરીને શૂળ પેદા કરવા સરખું આવું અપલક્ષણ કોણ સુખાર્થી જીવ અંગીકાર કરશે ? દ્વેષ તજ્યાથીજ તમે સર્વથા સુખ શાંતિને પામી શકશો. તમે સાધુ હશો કે શ્રાવક હશો, તમે ગમે તે હશો પણ દ્વેષ-બુદ્ધિ તજવાથીજ તમારૂં કલ્યાણ છે. (૧).

સાધુનાં મહાવ્રત કે શ્રાવકનાં અણુવ્રતરૂપ તમારા **મૂળ ગુણ** તેમજ તેને પુષ્ટિ આપનારાં રાત્રીભોજન ત્યાગ અને નિર્દોષ ભોજનાદિવડે આજીવિકા પ્રમુખ **ઉત્તર ગુણ**ને ઉત્તમ એક **ચિત્રશાળા** કહી છે. તેને જો દ્વેષ-ઇર્ષા કે અદેખાઈ-રૂપ ધૂમાડો લાગવા દેવામાં આવશે તો તે સુંદર વ્રત નિયમ રૂપી ચિત્રશાળા બધી કાળી (મલીન-માલ વગરની) થઈ જશે; માટે તેને તમારે બહુ સારી રીતે સંભાળથી સાચવવાની જરૂર છે. નહિંતો તમારી બધી મહેનત ફોકટ જશે. શાસ્ત્રમાં ભાખેલા **ગૌચરી**ના બેંતાળીશ દોષો વર્જીને કદાચ તમે શુદ્ધ આહાર પાણીની ગવેષણા કરતા હશો-એવી આકરી ચારિત્ર-ક્રિયા પાળતા હશો, પરંતુ જો તમે બીજા ગુણી કે નિર્ગુણી ઉપર દ્વેષ (ખાર) આણશો તો તમારી ચારિત્ર-કરણી તમને લાભને બદલે હાનિ કરશે. (૨). વળી કદાચ તમે નવકલ્પી વિહાર કરતા હો અને દેહનું દમન કરીને તપ જપ પ્રમુખ ક્રિયા અનુષ્ઠાન સેવતા હો, પરંતુ જો તમે દ્વેષબુદ્ધિને તજશો નહિ તો તેવી કઠણ કરણી કરતાં છતાં તમારે અવશ્ય ભવભ્રમણ કરવુંજ પડશે. તેથી દ્વેષબુદ્ધિ તજવામાંજ ખરૂં હિત છે. શાસ્ત્રમાં જે અષ્ટાંગ યોગ ભાખ્યો છે, તેની અથવા સંયમ યોગની સાર્થકતા દ્વેષ ( ઇર્ષા અદેખાઇ પ્રમુખ ) પરિહરવાથીજ કહી છે. દ્વેષવડે ચિત્ત-વૃત્તિ કલુષિત ( મલીન ) થઇ જાય છે અને એવી મલીન વૃત્તિથી કરવામાં આવતી સંયમ કરણી સફળ થઈ શકતી નથી પરંતુ નિષ્ફળજ થાય છે. તેથી તમારી સંયમ કરણી સફળ કરવા માટે તમારે સર્વથા દ્વેષબુદ્ધિ તજીને પ્રસન્ન ચિત્તવૃત્તિ જાળવી રાખવાની પૂરતી જરૂર છે. સ્વહિત સંબંધી ઉંડું આલોચીને જો આ પદ્ધતિ અંગીકાર કરવામાં આવશે તોજ સર્વ શ્રેય શીઘ્ર સાધી શકાશે. (૩).

પોતે કોઇ પ્રકારના સદ્ગુણથી રહિત છતાં અન્ય ગુણીનો દ્વેષી હોય તેને સદ્ગુણની કશી કદર નજ હોય એ સ્વાભાવિકજ છે. તે સદ્ગુણી ઉપર દ્વેષ કરે એ 'કાણું ઘોડું અને કરડકણું ' એ કહેવત અનુસારે થાય છે. પરંતુ પોતે ગુણવંત છતાં ( અનેક પ્રકારના તપ, જપ પ્રમુખ સંયમ કરણી કરતાં છતાં ) જે બીજા સદ્ગુણીના ગુણ સહન કરી શકતા નથી તે ખરેખર ખેદકારક એટલા માટે છે કે જો મધ્યસ્થપણે વિચાર કરવામાં આવે તો બીજાના ગુણની કદર કરી શકે એવી તેનામાં તાકાત હોઇ શકે છે અને જો તે પ્રાપ્ત શક્તિનો સારો ઉપયોગ કરી જાણવામાં આવે તો તેનામાં બીજા અનેક સદ્ગુણો સહેજે આવીને વાસ કરી લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવો સ્વાભાવિક અનુપમ લાભ કેવળ સહનશીલતાની ખામીથી દ્વેષબુદ્ધિવડે તેનાથી લહી શકાતો નથી. એટલુંજ નહિ પણ સદ્ગુણી તરફ દ્વેષભાવ ધારણ કરવાથી તે પોતાના પ્રાપ્ત ગુણોને કલંકિત કરે છે. જેથી તેના પ્રાપ્ત ગુણની કિંમત વિદ્વાન્ જનોમાં બહુજ થોડી અંકાય છે અને પોતાના પ્રાપ્ત ગુણમાં તે કશો વધારો કરી શકતો નથી; પરંતુ પ્રબળ દ્વેષયોગે પોતાના મૂળ ગુણનો પણ વિનાશ કરે છે. જે ભાગ્યવંત જનો પોતે અનેક સદ્ગુણોથી અલંકૃત છતાં બીજાનાં સદ્ગુણો નિહાળીને પ્રમુદિત થાય છે, તેઓ પોતાના સદ્ગુણોની સારી પુષ્ટિ કરી શકે છે, અને જગત્માં ઉત્તમ યશકીર્ત્તિને પણ વિસ્તારે છે. (૪). જ્યાં જ્યાં સદ્ગુણ જોવામાં આવે ત્યાં ત્યાં અકૃત્રિમ રાગ ( પ્રેમ ) ધારણ કરી દીલમાં પ્રમુદિત થવું અને કોઈ જીવ હીણગુણી-નિંદક કે ઈર્ષાળુ જોવામાં આવે તો તેના ઉપર પણ દ્વેષ નહિ કરતાં મધ્યસ્થ થઇ રહેવું એમ સમજીને કે સર્વ જીવ કર્મવશ વિવિધ ચેષ્ટા કરે છે. જેને સંસારમાં વધારે વખત પરિભ્રમણ કરવાનું હોય તે ઈર્ષા, અદેખાઇ, પરનિંદાદિક તજી શકે નહિ અને જે જલદી સંસારનો પાર પામવાના હોય તે દ્વેષાદિક રહિત સમચિત્ત-સમતા પરિણામી હોય. આવી રીતે ચિંતવવાથી પોતાના આત્માને કશો પરિતાપ થાય નહિ, એટલુંજ નહિ પણ પરમાત્માની પવિત્ર આજ્ઞા તરફ ઉત્તમ લક્ષ રહેવાથી પોતાનામાં સદ્ગુણની વૃદ્ધિ થાય. ૫ ઇતિ. સુ૦ ક૦ વિ૦

**કિંચિત્ વિવેચન**—હે મિત્ર ! દ્વેષ કોઈનાપર ન રાખીએ. શા માટે ન રાખીએ ? દ્વેષ તજવાથીજ શિવસુખની પ્રાપ્તિ થાય છે તે માટે ન રાખીએ. આ અગ્યારમું પાપસ્થાનક બહુ ખરાબ છે, કારણ કે તે ચિત્તને મલિન કરનાર છે. ચિત્ત જો દ્વેષબુદ્ધિ વિનાનું હોય તોજ તેને ઠીક ગણવું. આમ કહેવાનું કારણ એ છે કે-ચરણ સિત્તરી અને કરણ સિત્તરી બરાબર પાળવામાં આવતી હોય તોપણ જો હૃદયમાં કોઇના ઉપર દ્વેષ વહન થતો હોય તો તે નિષ્ફળ જ છે. બેંતાળીશ દોષરહિત આહારના લેનારા મુનિ પણ આ ધુમ્ર દોષવડે પ્રબળ વિકારવાળા ગણાય છે અને ઉગ્ર વિહાર તેમજ શાસ્ત્રવિહિત તપ જપાદિ ક્રિયા કરનારા મુનિ પણ જો દ્વેષ કરતા હોય છે, તો સંસારમાં પરિભ્રમણ કરે છે; ત્યારે પછી સંસારી પ્રાણી જો દ્વેષ કર્યા કરે તો તેના પરિભ્રમણાદિનું તો પૂછવુંજ શું ? અષ્ટાંગયોગનું સાધન કરવા ઇચ્છનારને તો પ્રથમથીજ અદ્વેષી થવું પડે છે, નહીં તો તેની યોગ સાધના થઇ શકતી નથી અને અદ્વેષીને સર્વ સાધન સહેલું થઇ પડે છે.

જગત્માં બે પ્રકારના મનુષ્યો હોય છે. ગુણી ને નિર્ગુણી. તેમાં જે પોતે જ નિર્ગુણી હોય છે તે તો બીજાને ગુણી દેખતોજ નથી. કપટી માણસ બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરલને પણ કપટી જાણે છે. પાપી માણસ બીજાને પાપી જાણે છે. દુરાચારી માણસ બીજાને દુરાચારી જાણે છે. લંપટ માણસ સાધ્વી સ્ત્રીને પણ કુલટા જાણે છે. આ પ્રમાણે જગત્ પ્રવૃત્તિ છે, તેથી તેમાં તો કાંઇ આશ્ચર્ય થાય તેમ નથી, કારણ કે જેવું પોતાના અંતરમાં હોય છે, તેવુંજ બહાર દેખાય છે. પણ આશ્ચર્ય તો તેમાં થાય છે કે પોતે ગુણી છતાં પણ કેટલાક એવા ઇર્ષ્યાયુક્ત સ્વભાવવાળા હોય છે કે બીજાના ગુણ જોઇ શકતા નથી, સહન કરી શકતા નથી, અન્યથી થતી કોઇની પ્રશંસા સાંભળી શકતા નથી. તેથી તેના ગુણમાં મિથ્યા દોષારોપણ કરીને પોતાના હૃદયમાં રહેલો દોષ પ્રગટ કરે છે. ખરો સુજ્ઞ તો તરતજ તેનો ભાવ સમજી જાય છે અને તેના ગુણીપણામાં આ મોટી ખોડ છે એમ વિચારી હૃદયમાં ખેદ પામે છે. શાસ્ત્રકાર આવા ગુણીની પ્રશંસા કરતા નથી. તેતો એમ કહે છે કે જે ગુણી અન્યના ગુણનો રાગી હોય, પોતાના વિશેષ ગુણ કરતાં પણ બીજાના સામાન્ય ગુણની-અલ્પ ગુણની કિંમત વધારે આંકતો હોય, શુદ્ધ અંતઃકરણથી તેની પ્રશંસા કરતો હોય, અનુમોદના કરતો હોય ને કરાવતો હોય તેવા પુરૂષનીજ કીર્ત્તિ જગત્માં જાગૃત રહે છે, ફેલાય છે, વિસ્તાર પામે છે. માટે ગુણના ઇચ્છક જનોએ પોતાનામાં અલ્પ ગુણ હોય કે વિશેષ ગુણ હોય, પણ તે તરફ દૃષ્ટિ નહીં કરતાં અન્ય મનુષ્યમાં રહેલા દાન, શીલ, સંતોષ, પરોપકાર, દયાળુતા, નિરભિમાનીપણું, સરલતા, પ્રમાણિકતા, સત્યવાદીપણું, લોકપ્રિયતા, વિનય, વૈરાગ્ય અને ક્ષમા વિગેરે ગુણોને થોડા કે વત્તા પ્રમાણમાં જોઇ હર્ષિત થવું, તેની પ્રશંસા કરવી, તેની ખ્યાતિ થતી જોઇને રાજી થવું અને તેનામાં તે તે ગુણ બન્યા રહે, વૃદ્ધિ પામે અને વિશેષ પ્રશંસનીય થાય તેવી જિજ્ઞાસા રાખવી. આ પ્રમાણેના વર્તનથી વાસ્તવિક કહીએ તો તેવા ગુણરાગી પ્રાણીની પોતાનીજ કીર્તિ થાય છે, મનુષ્ય માત્ર તેને વખાણે છે. પરંતુ એવી સહનશિલતા રાખવી-રહેવી જેવી મુશ્કેલ છે, તેવીજ જરૂરની છે.

કર્ત્તા મહાપુરૂષ પ્રાંતે એવી ઉપયુક્ત શિક્ષા આપે છે કે-હે ભવ્ય પ્રાણીઓ! જ્યાં જ્યાં ગુણ દેખો ત્યાં ત્યાં તે ગુણ અલ્પ પ્રમાણમાં હોય કે વિશેષ પ્રમાણમાં હોય પણ તેના પર રાગ કરો. ગુણગુણી અભિન્ન હોવાથી ગુણી ઉપર રાગ કરવો તેજ ગુણ ઉપર રાગ કર્યા બરોબર છે. અને તેમ કરવાથીજ તે ગુણ પોતાનામાં ન હોય તો પ્રગટે છે અને હોય તો વૃદ્ધિ પામે છે. આટલાથીજ બસ ન કરતાં કર્ત્તા કહે છે કે-ગુણી ઉપર રાગ કરવાની સાથે નિર્ગુણી કે દુર્ગુણી ઉપર દ્વેષ ન કરશો. મનમાં એમ ન માની લેશો કે ગુણી ઉપર રાગ કરવો એટલે નિર્ગુણી ઉપર દ્વેષ કરવાનું તો અર્થાપત્તિથી સિદ્ધ થઇ ગયું. તમારે તો નિર્ગુણી ઉપર કે દુર્ગુણી ઉપર પણ દ્વેષ ન કરતાં સમચિત્તવાળા રહેવું, સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ રાખવો, ક્રોધ ન કરવો, તેનામાં પડેલો દુર્ગુણ કેમ નાશ પામે તેનું ચિંતવન કરવું, તેવો યત્ન કરવો, તે માણસ માને તેમ હોય તો તેને તેવા પ્રકારની હિતશિક્ષા આપવી, આપણાથી ન માને તો જેનાથી માને તેમ હોય તેની પાસે હિતશિક્ષા અપાવવી, તેની ઉપેક્ષા પણ ન કરવી. પ્રાંતે કોઈ પ્રયત્ને પણ જો તે માને નહીં, દુર્ગુણ છોડે નહીં, ઉલટો દ્વેષ વહન કરે તો પછી ઉત્તમ જનોએ ભવસ્થિતિનું, સંસારમાં વર્તતા અનેક પ્રકારના જીવોના કર્માયત્ત વર્ત્તનનું, પ્રાણીમાત્ર કર્મને વશ છે અને તે નચાવે તેમ નાચે છે એવી લોકસ્થિતિનું ચિંતવન કરવું, પણ હૃદયમાં તેના પર દ્વેષ ન લાવવો, ખેદયુક્ત ન થવું, સમભાવજ રાખવો. એવો દુર્ગુણી પ્રાણી પણ તેની ભવસ્થિતિ ઘટશે ત્યારે–સંસાર અલ્પ રહેશે ત્યારે જરૂર ગુણી થશે, સર્વમાન્ય થશે, પૂજ્ય થશે અને અનેક જીવોનું હિત કરી પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરશે, આમ વિચારવું. ઉત્તમ જનોની વૃત્તિ નિરંતર આવીજ વર્તે છે.

આ સજ્ઝાયની પાછલી બે ગાથા બહુજ વિચારવા જેવી છે, તેનો અર્થ લક્ષમાં લઈને તેનું મનન કરવા જેવું છે. એ બે ગાથા ખરેખર અમૂલ્ય છે. લાખ લાખ રૂપીએ વેચાતા શ્લોકોનો ભાવ દર્શાવનારી છે. ગુણગ્રાહી સજ્જનોએ તેની ખરી કિંમત સમજી તેને હૃદયમંદિરમાં યોગ્ય સ્થાન આપી જાળવી રાખવા જેવી છે. જેમ જેમ એનો ભાવ વધારે વધારે વિચારશો તેમ તેમ તમારામાંથી દ્વેષવૃત્તિ નાશ પામશે અને ગુણાનુરાગ પ્રગટશે. ગુણાનુરાગ પ્રગટ થયો એટલે તે ગુણોનું આકર્ષણ કરી તેને ખેંચી લાવશે, ગુણો આવ્યા એટલે આત્માની મલિનતા દૂર થશે અને તેમાં ઉજ્વળતા પ્રગટશે, ઉજ્વળતા થઇ એટલે શુદ્ધ જ્ઞાનગુણ વિશેષે જાગૃત થશે, સમ્યગ્જ્ઞાન થયું એટલે શ્રદ્ધા દૃઢ થશે, દૃઢ શ્રદ્ધા થઇ એટલે તે ઉત્તમ ચારિત્રગુણને પ્રાપ્ત કરાવશે, અને નિરતિચાર ચારિત્ર પ્રાંતે મોક્ષસુખની પ્રાપ્તિ કરી આપશે. આ પ્રમાણે ઉત્તરોત્તર લાભ મેળવવાના ઇચ્છક પ્રાણીએ પ્રથમ પોતાના હૃદયમાંથી દ્વેષબુદ્ધિનું સમૂળ ઉન્મૂલન કરી નાખવું. તેનો અંકુર પણ રહેવા દેવો નહીં. દ્વેષનો અંકુર નાશ પામ્યો એટલે રાગ તત્કાળ નાશ પામશે અને તે બંને ગયા એટલે મોહરાજા નિરાશ થઇ સ્વયમેવજ ચાલવા માંડશે; મોહ ગયો એટલે આત્મા નિર્વિઘ્ને પોતાનું મહાન્ સામ્રાજ્ય મેળવશે અને ભોગવશે. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मेवाड मारवाडनां केटलांक तीर्थस्थानो.

( લખનાર-મૌક્તિક. )

( અનુસંધાન પૃષ્ટ ૧૨૩ થી )

' કરાડા. '

આ કરાડા ગામે આવવા માટે ઉદેપુરથી એક ટ્રેનમાં નીકળી બીજીમાં લાગુ થઇ શકાય છે. સ્ટેશનથી દેરાસરના શિખરના દર્શન થાયછે. સ્ટેશનથી કરાડા પાર્શ્વનાથનું ચૈત્ય અને ધર્મશાળા લગભગ અડધો માઇલ દૂર છે. સ્ટેશન પર સામાન રાખીને પણ જઇ શકાય તેમ છે. આ તીર્થનો હાલમાં જિર્ણોદ્ધાર શેઠ લલુભાઇ જેચંદના પ્રયાસથી થયો છે. સ્ટેશનથી ધર્મશાળા સુધીનો રસ્તો બાંધેલો નથી પણ સારો છે. વધારે સામાન હોય તો સ્ટેશનપર મજુર વિગેરે મળી શકે છે. ધર્મશાળા નાની પણ સુંદર છે. ધર્મશાળાની સામી બાજુએ કરાડા પાર્શ્વ-નાથનું મંદિર આવેલું છે. બિંબ શ્યામ વર્ણના અને આકર્ષક છે. ત્યાં સામાન્ય રીતે કોઈપણ પ્રકારની ધમાધમ જણાતી નથી. શાંત ચિત્તથી ચેતનજીને અહીં ધ્યાવવા યોગ્ય છે. ચિંતવન વખતે પ્રભુ ગુણ સ્મરણ સારી રીતે થઈ શકે એવી એ મનહર જગા છે; બનતા સુધી જોઇતી વસ્તુ ઉદેપુરથી સાથેજ રાખવી. ગામ નાનું હોવાથી સારી વસ્તુ અહીં મળી શકતી નથી. તીર્થની વ્યવસ્થા તથા કામ કરનાર નોકર ગુમાસ્તા સારા છે.

આવા તીર્થસ્થાનમાં જ્યારે શાંતિથી વખત નિર્ગમન કરવામાં આવે છે ત્યારે પોતાની પ્રવૃત્તિમય જીંદગી અને અહીંની આદર્શ શાંત જીંદગી વચ્ચે કેટલો તફાવત્ છે તે જણાય છે. અહીં મોટર, ટ્રામ કે ગાડીની ધમાધમ નથી, મનને અવ્યવસ્થિત કરી નાખે એવા વ્યવહારના પ્રસંગો નથી, દીલને ઉશ્કેરે એવો ખોરાક નથી અને નકામી વાતચિત્ત કરવામાં સમય જાય એવા પ્રસંગો શોધવાનાં કારણો નથી. સાધ્યદષ્ટિવાન્ જીવ આવાં સ્થાનપર આવી પોતાનું આત્મહિત અતિ ઉચ્ચ રીતે સાધી શકે છે. તેમાં પણ પોતાની સાથે આત્મહિત સાધવાની બુદ્ધિવાળા માણસો હોય છે અને નકામી ખટપટ વધી પડે એટલી મોટી સંખ્યામાં હોતા નથી ત્યારે અને તેની સાથે વળી આવા તીર્થસ્થાનમાં કોઇ અગાઉથી આવેલા સત્પુરૂષ સાથે સત્સંગ થાય છે ત્યારે જે આનંદ થાય છે તે બહુ હર્ષ ઉપજાવે તેવો છે. એવા પ્રકારના આનંદની વાનકી લેતા યાત્રામાં શીખી જવું જોઇએ. ચેતનજી એવા પ્રસંગે જે ઉદાત્ત સ્થિતિ અનુભવે છે તેનું વર્ણન કરવું અશકય છે. કારણ તે આત્મિક બાબત છે. અનુભવથી જ એવા પ્રસંગનો મહિમા સમજાય છે. આ તીર્થની જગો ઘણી રીતે ભીબડોદ, ભોયણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાનસર, જગડીઆ વિગેરે તીર્થોને મળતી આવે છે. બનતા સુધી ઉદેપુર જતી વખત અથવા આવતી વખત આ તીર્થની ભેટ લેવા યોગ્ય છે. જે ઉચ્ચ ઉદ્દેશથી યાત્રા કરવામાં આવે છે તે ઉદ્દેશ આવા સ્થાનમાં પોતાની યોગ્યતા પ્રમાણે પાર પડે છે. અહીંથી ચિતોડગઢના કિલ્લા તરફ જવાય છે. એ પુરાતન શહેર જરૂર જોવા લાયક છે. કેટલાક સંયોગોને લીધે ઉદેપુરમાં વધારે વખત રોકાવાનું થવાથી જતી તથા આવતી બન્નેમાંથી એક વખત પણ આ લખનાર ચિતોડની ભેટ લેવા ભાગ્યશાળી થયેલ નથી, તેથી તેનું વર્ણન અધુરૂં રહે છે. ચિતોડથી ગાડી બદલી અજમેર જવાય છે.

## અજમેર.

આ શહેરને રજપુતાનાની રાજધાની કહી શકાય છે. હીઝ ઓનર એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ જેના હાથ નીચે રજપુતાના અને મારવાડના સર્વ રાજ્યો આવી રહેલા છે તેનું સદર સ્થાન આ છે. શહેર ઘણું વિશાળ છે, સર્વ વસ્તુઓ મળી શકે છે. શહેરની બાંધણી સુંદર છે. સ્ટેશન ઉપર ઘણા પંડ્યાઓ આવે છે. જે વૈષ્ણવોને પુષ્કરરાજ નહાવા જવું હોય તે તેમની સાથે જાયછે. સ્ટેશનની બહુ નજીક એક ધર્મશાળા છે, જેમાં સર્વ પરદેશીઓ ઉતરી શકે છે; એ ઉપરાંત હીરાચંદજી સચેતીએ એક જૈન ધર્મશાળા બંધાવી છે, તેપણ સ્ટેશનથી તદ્દન નજીક છે. ત્યાં પણ સર્વ જૈનને કાંઇ પણ બદલો લીધા સિવાય ઉતારો આપવામાં આવે છે અને જૈનેતરને નામનું ભાડું દરરોજના બે પૈસા આપવા પડે છે. આ ધર્મશાળામાં પણ સર્વ પ્રકારની સગવડ છે. જેઓની સાથે રસોઇની સગવડ ન હોય તેને માટે ધર્મશાળામાંજ પૈસા આપીને રસોઇ કરાવવાનું બની શકે તેવી સગવડ છે. સ્ટેશનથી એ ધર્મશાળાઓ એટલી નજીક છે કે સ્ટેશનપર એક કલાક રોકાવાનું હોય તો ખાવા પીવાનું વિગેરે સર્વ કામ ધર્મશાળામાં જઇને કરી આવી શકાય. યાત્રાળુએ આ ધર્મશાળામાં ઉતારો રાખવો બહુ સગવડ ભરેલો છે. અગાઉ શહેરમાં જઈ ઉતરતા હતા તેમ કરવાની હવે જરૂર નથી. શહેરમાં જતી વખત પોતાનું તાળું ઓરડીના દ્વારને લગાવીને જવું.

નવલખી-લાખણ કોટડી (મોહોલ્લાનું નામ) માં શ્વેતાંબર જૈનોના બે મંદિર છે. બન્ને મંદિરો સારા છે અને પૂજન વિગેરે માટે સાધારણ રીતે સારી સગવડ છે. જૈન શ્વેતાંબરોની વસ્તીનો મોટો ભાગ આ મોહોલ્લામાંજ રહે છે. બાકીની વસ્તી કાંપમાં છે. શહેરના પ્રમાણમાં જૈનોની વસ્તી બહુ ઓછી છે. મંદિરની બાજુમાં તેજ મોહોલ્લામાં કન્યાઓ તથા છોકરાઓ માટે પાઠશાળા છે. છોકરાઓની પાઠશાળામાં વર્નાક્યુલર ( દેશી ભાષા ) અને ઇંગ્લીશમાં એન્ટ્રન્સ સુધી અભ્યાસ કરાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. શિક્ષણ સારૂં મળે તેને માટે કમિટીના ગૃહસ્થો બહુ પ્રયાસ કરે છે. વિદ્યાર્થી માટે બોર્ડીંગ ફ્રી રાખવામાં આવી છે. હાલ તેમાં ૧૮ વિદ્યાર્થીઓને દાખલ કરવાના છે. બોર્ડીંગનું મુકામ થોડા વખતમાં દાદાવાડી જે શહેરની બહારના ભાગમાં રેલવે સ્ટેશન નજીક આવી રહેલ છે ત્યાં કરવાની યોજના ચાલે છે. આ દાદાવાડીની જગા બહુ વિશાળ, સુંદર, સ્વચ્છ અને અભ્યાસ કરવાને લાયક છે. ત્યાં દેરાસર પણ નજીક હોવાથી અને તેને માથે દેખરેખ રાખનાર સુપરવાઇઝર એક હોંશીલા ગ્રેજ્યુએટની નિમણુક થવાની હોવાથી તે સ્થાન પસંદ કરવા યોગ્ય છે. આ ઉપરાંત ત્યાંની નાની વસ્તીનો શિક્ષિત અને અશિક્ષિત વર્ગ પાઠશાળા અને બોર્ડીંગના કાર્યમાં એટલા ઉત્સાહથી ભાગ લે છે કે તેને મળતો ઉત્સાહ અન્યત્ર જોવામાં આવતો નથી. તેઓનો વિચાર આ પાઠશાળા અને બોર્ડીંગને આખા રજપુતાનાનું કેંદ્ર બનાવવાનો છે અને તે માટે ધનની તથા બીજા પ્રકારની મદદ મેળવવા તેઓ બહુ પ્રયાસ કરે છે. આવી અનેક સંસ્થાઓ જૈન કોમમાં થાય અને તેને માટે કામ કરનાર ઉત્સાહી આત્મભોગ આપનારા નીકળી આવે ત્યારે જૈન કોમની ચઢતીનાં કિરણો કાંઇક દેખાય. અહીંના વિદ્યાર્થીઓને તપાસતાં તથા હેડમાસ્તર સાથે શિક્ષણશૈલી સંબંધી ઉહાપોહ થતાં આનંદ થયો.

અજમેરમાં મુળચંદ સોની અને તેના વારસોએ એક દિગંબર ચૈત્ય બંધાવ્યું છે, તેની પછવાડેના ભાગમાં અયોધ્યાનગરીનો તથા દ્વીપસમુદ્રનો ચિતાર આપ્યો છે. એ કાર્યમાં એટલી મોટી રકમ ખરચી છે અને એમાં સુંદર વસ્તુઓને ગોઠવવા પાછળ એટલું ધ્યાન આપ્યું છે કે અજમેર જનારે તે જરૂર જોવાલાયક છે. મુળચંદ સોનીના વારસો હજુ પણ એ મંદિર પાછળ હજારો રૂપિયાનો વાર્ષિક ખર્ચ કરે છે. અદ્ધર લટકાવેલા મયૂરાકાર, વ્યાઘ્રાકાર અને બીજા વિચિત્રાકાર વિમાનો, લશ્કરનો દેખાવ, મેરૂ પર્વતની રચના અને વન ઉપવનના દેખાવો નીચે તથા ઉપર જોઇ મનમાં સાનંદાશ્ચર્ય થાય છે.

અજમેરમાં ખ્વાજા પીરની દરઘા અને અઢાઇ દીનકા ઝુંપડા બન્ને મુસલમાની સંસ્થાઓ જોવા ઘણા માણસો જાય છે. ખ્વાજા પીરની માનતા બહુ ચાલે છે. એંશી મણના ચોખા એક સાથે રંધાય એવા મોટા રંઘેડા ત્યાં છે. કારિગરીનું કામ તો કાંઇ નથી. જેણે આબુજી, રાણકપુરજી જોયાં હોય તેને આમાં વિશેષતા જરાપણ દેખાતી નથી. અઢાઇ દિનકા ઝુંપડા એ પુરાણું જિનચૈત્ય હોય એમ કહેવાય છે અને એમ માનવામાં તેની આકૃતિ વિગેરે સહાય કરે છે. મોટા મોટા મંદિરોની થયેલી સ્થિતિ, પૂર્વકાળમાં જૈનોની જાહોજલાલી અને વર્તમાન અધઃપાત ઉપર આ જગોએ વિચાર આવતાં આંખમાંથી આંસુ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાદાવાડીમાં એક નાના દેરાસર સાથે ખરતર ગચ્છીય ત્રણ વૃદ્ધ ગુરૂનાં પગલાં છે અને બીજા આચાર્ય વિગેરેનાં સ્તુપો છે. આ જગા બહુ વિશાળ છે અને અત્ર બોર્ડીંગ કરવાનો અહીંના આગેવાનોએ જે વિચાર કર્યો છે તે યોગ્ય છે.

અજમેરમાં મેયો કોલેજનું મુકામ પણ જોવાલાયક છે. અજમેર શહેર રજપુતાના માળવા રેલવેનું મથક છે. શહેરમાં ઘણી જોવાલાયક ચીજો છે. જૈન કોમના આગેવાનો ઉત્સાહી છે. અહીંના આગેવાનોમાં કોન્ફરન્સ તરફ એટલો બધો ભાવ જોવામાં આવ્યો કે જેવો બહુ થોડી જગાએ હોય છે. તેઓ સમજે છે કે ભારતવર્ષીય જૈન કોમનો ઉદ્ધાર કોન્ફરન્સથી બહુ જલદી, સારી રીતે અને યોગ્ય રીતે જૂદા જૂદા આકારમાં થશે. તેઓ કોન્ફરન્સની દરેક બાબતમાં પૂર ઉત્સાહથી ભાગ લે છે. વર્તમાન ઝગડાઓનો વિક્ષેપ ન હોય તો કોન્ફરન્સ અજમેરમાં ભરવા માટે આતુરતા પણ બહુ ધરાવે છે. જે શહેર આવી વર્તમાન સંસ્થાનું યોગ્ય સ્વરૂપ સમજી તેની કિંમત સમજી શકતું હોય તેને માટે સુંદર ભવિષ્યની આશા રહે એ સ્વાભાવિક છે. આવા વિચારને અનુરૂપ સંસ્થાઓ પણ તેઓ મોટા મોટા ભાષણો કર્યા વગર ગુપચુપ રીતે પગભર કરતા જાય છે. જૈન બંધુઓના આવા લક્ષ્યને ધ્યાનમાં રાખનાર અને સ્વાર્થનો ભોગ આપનાર બંધુઓ જૂદા જૂદા વિભાગમાં વસેલા છે એ વિચારથી મનમાં બહુ હર્ષ થાય છે. વર્તમાન સ્થિતિને અંગે આપણે કેટલા પછાત પડી ગયા છીએ? એ સ્થિતિને માટે કોણ જવાબદાર છે? એમાંથી ઉદ્ધાર થવાનો માર્ગ કયો છે? કોન્ફરન્સ જૈનકોમ માટે શું કરી શકે? તેના તરફ અમુક વિભાગ શામાટે કટાક્ષથી જુએ છે? એ સર્વ બાબતમાં બહુ સૂક્ષ્મ નજરથી દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરી આવા શહેરના ઉત્સાહી માણસોની ભાવનાને પોષણ આપવાની ખાસ જરૂર છે.

## ફલોધી.

અજમેરથી ફુલેરા ઘણી ટ્રેનો જાય છે. બરાબર ટાઇમટેબલ જોઈ ફુલેરાના સ્ટેશને તુરત ગાડી મળે તેમ મુખ્ય લાઈનમાં પ્રવાસ કરવો. બપોરે ૩-૧૫ એક ટ્રેન અજમેરથી ખાસ ઉપડે છે તે વધારે અનુકૂળ છે, કારણકે બીજી ઉપરથી આવતી ગાડીઓમાં મુસાફરોની ભીડ વધારે હોય છે. અજમેરથી મેરતારોડ સ્ટેશનની ટીકિટ લઇ ફુલેરા જંકશને ગાડી બદલી મેરતારોડ સ્ટેશને ઉતરવું. મેરતા શહેર જેનું વર્ણન હવે પછી આવશે ત્યાં સીધા ચાલ્યા જવાથી કેટલીક વાર વખતનો બચાવ થાય છે. અમે સ્ટેશન ઉપર સામાન રાખવાની સગવડ કરી તેમજ કર્યું હતું. રેલવેના ટાઇમ પ્રમાણે ગોઠવણ કરવી. મેરતારોડ સ્ટેશનથી પાર્શ્વનાથ ફલોધી ગામ અર્ધો માઇલ છે. મેરતારોડ મોટું જંકશન સ્ટેશન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી મજુર વિગેરે સ્ટેશન પર મળે છે. ધર્મશાળા બહુ સુંદર છે. ધર્મશાળાની વચ્ચે શ્રી પાર્શ્વનાથજીનો પ્રાસાદ છે. જગા બહુ સુંદર છે, એકાંત સ્થાન છે અને બહુધા અહીં ધમાધમ બહુ ઓછી હોય છે. વિશાળ ધર્મશાળાની બાજુમાં મોટું જંગલ છે, તેથી યાત્રાળુને સગવડ સર્વ મળે છે. શ્રી પાર્શ્વનાથના ચૈત્યની ફરતી ભમતી છે તે નાની છે. ચૈત્યની અંદર વિશાળ ચોક છે. અમે ત્યાં દર્શનનો લાભ લીધો તે દિવસે પોસ દશમ–શ્રી પાર્શ્વનાથનો જન્મદિવસ હોવાથી મોટી મેદની એકઠી થઇ હતી. અનેક ભાવિક યાત્રાળુઓ નજીકના શહેરોમાંથી આવ્યા હતા અને વિશાળ ચોકમાં પૂજા ભણાવતા હતા. મારવાડી લોકો મસ્ત રાગમાં ઉંચા સ્વરથી અને બહુધા ચલતીની ચાલમાં ગાય છે ત્યારે તેઓનું શરીર હર્ષથી ઉછળે છે અને જ્યારે આપણે તેમાં ભાગ લઇએ છીએ ત્યારે બહુ આનંદ આપે છે. અમને આ પ્રમાણે અણધાર્યો લાભ મળ્યો. ખૂદ મૂળનાયક પ્રતિમાજી શ્યામ વર્ણના અને બહુ સુંદર છે. દેખાવમાં વૃદ્ધ જણાય છે. મક્ષી પાર્શ્વનાથના બિંબને ઘણી રીતે મળતા આવે છે. પ્રતિમાજી વેળુના છે. બહાર ગોખલામાં બન્ને બાજુ બે બે નાના બિંબ છે. ચૈત્યનો ગર્ભવિભાગ બહુ શાંત છે અને શાંતિના વખતમાં ચેતનજીને બહુ આલ્હાદ આપે તેવો છે. અહીં જ્યારે સ્નાત્ર, પૂજન અથવા ધ્યાન કરવામાં આવે છે ત્યારે મનમાં બહુ શાંતિ થાય છે, સ્થૂળ અને માનસિક ઉપાધિઓ ભૂલી જવાય છે અને ચેતનજી ઉચ્ચ ઉડ્ડયન કરે છે.

પાર્શ્વનાથના જન્મકલ્યાણકને દિવસે બપોરે પુરૂષો આનંદથી પૂજા ભણાવે છે. મેરતાના ગૃહસ્થો જે આ તીર્થની સંભાળ રાખે છે તેઓ અહીં બહુ સંખ્યામાં આવે છે અને બીકાનેર તથા જોધપુર અને આજુબાજુના ગામના લોકો પણ અહીં સારી સંખ્યામાં આવે છે. તેઓની આનંદ કરવાની પદ્ધતિ બહુ હર્ષપ્રદ છે. સ્ત્રીઓ મંદિરના અંદરના વિભાગમાં રાતે બેસી પ્રભુગુણગાન કરે છે તે વખતે પણ બહુ પ્રમોદ થાય છે. આ ફલોધી તીર્થ–કોન્ફરન્સનું ઉત્પત્તિ સ્થાન–જૈન કોમની ભવિષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ થવાનું કેંદ્ર જોતાં મનમાં અનેક પ્રકારના વિચારો આવે છે અને જૈન કોમની ઉન્નતિ થવા માટે આ મધ્યસ્થળને નિયત કરવાની બુદ્ધિ ચાતુર્ય વાપરનારની દીર્ઘદૃષ્ટિ માટે મનમાં હર્ષ થવા સાથે તે મહાન્ સંસ્થાની વર્તમાન સ્થિતિ આજુ બાજુના મુદ્દાઓને લીધે થયેલી વિચારતાં જરા ગ્લાનિ થાય છે. જૈન ધર્મને માનનારી મોટી મોટી કોમોનું ઉત્પત્તિસ્થાન મારવાડ છે. તેની મધ્યમાં આવી રહેલ આ તીર્થ ભવિષ્યમાં પણ જૈન કોમની ઉન્નતિનું મધ્યબિંદુ થઈ પડશે એમ ત્યાં મળેલા અનેક ઉત્સાહી જનોના ચહેરા, વાતચીત અને વિચારથી જણાય છે.

મારવાડમાં બે ફલોધી શહેર છે. આ ફલોધી, પાર્શ્વનાથ ફલોધીના નામથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓળખાય છે. બીજું એક પોકરણ ફ્લોધી છે, જ્યાં જોધપુરથી જવાય છે. આ પાર્શ્વનાથ ફ્લોધી નાનું ગામ છે, અસલ મોટું શહેર હશે એમ માનવાના ઘણાં કારણો મળે છે. આ ફ્લોધી આવવા માટે **મેરતારોડ** સ્ટેશનની ટીકીટ લેવાની છે એ વાત ધ્યાનમાં રાખવી. તીર્થનો વહિવટ મેરતા શહેરનું પંચ કરે છે. ભંડારની આવકમાંથી મોટી રકમ વખતો વખત અન્ય ચૈત્યોના ઉદ્ધાર માટે ખરચે છે. યાત્રાળુઓની સગવડ તરફ પૂરતું ધ્યાન અપાય છે અને સામાન્ય રીતે કોઈ પણ પ્રકારની ફરિયાદ કરવાનું કારણ નથી.

## મેરતા.

મેરતારોડ સ્ટેશનથી એક જૂદી ગાડી મેરતા શહેર જાય છે. તેમાં માત્ર ત્રણ થર્ડ કલાસના ડબા રાખે છે. ગાડીભાડું ૦–૧–૩ છે. મેરતા શહેર એટલું પ્રાચીન છે કે તેની જરૂર યાત્રા કરવી. સ્ટેશન ઉપર એક નાની ધર્મશાળા છે. બે વખત ટ્રેન જાય છે અને આવે છે. બનતા સુધી જરૂરપૂરતો સામાન સાથે રાખી, બાકીનો ફ્લોધી મૂકીને જવું. ફ્લોધીના સ્ટેશન પર સામાન રાખવાની સગવડ બની શકે તો વધારે સારૂં. મેરતા શહેરમાં સોળ ચૈત્યો છે. આખું શહેર ખંડેરોથી ભરપૂર છે. અસલ મોટું શહેર હશે એમ ગઢની નિશાની તથા ભવ્ય ચૈત્યો અને બુરજો ઉપરથી જણાય છે. અત્યારે પણ શહેરની પંક્તિમાં આવે તેવું છે. જોધપુર સ્ટેટને તાબે છે. અસલ તો એ રાજધાનીનું શહેર હતું, પરંતુ અમુક બનાવ બન્યા પછી તેના ઉપરથી રાણાની પ્રીતિ ઉતરી ગઇ અને તેનો ત્યાગ થયો, એટલુંજ નહિ પણ ત્યાં વસનાર લોકો ઉપર વિશેષ કરનો બોજો પડવા લાગ્યો. મેરતાની પડતી થવાનું આ કારણ છે. અત્યારે પણ મેરતા શહેર નાનું ગામડું નથી. વસ્તી એકંદર રીતે પંદર હજાર માણસની છે. જિનચૈત્યો બહુ સુંદર છે, છુટા છુટા લતાઓમાં આવી રહેલા છે અને જરૂર ભેટવા લાયક છે. બીજી અનેક જગોની પેઠે અહીં પ્રભુ પાસે ચોખા, બદામ, પૈસા વિગેરે જે ભેટ ધરવામાં આવે છે તે પૂજારીને જાય છે. આ સંબંધમાં યાત્રાવર્ણનને છેડે નોટ કરવામાં આવશે. શહેરની વચ્ચે બજાર છે ત્યાં જરૂરપૂરતી ખાવાની વસ્તુઓ, મીઠાઇ, શાકભાજી વિગેરે મળે છે. મેરતામાં મોટો પુસ્તક ભંડાર છે એમ સાંભળ્યું હતું, પરંતુ અમને ત્યાં થોડો વખત રહેવાનું હોવાથી તે સંબંધી તપાસ થઇ શકી નહિ. અહીં અનેક મુનિઓ પૂર્વ કાળમાં ચોમાસાં કરી ગયા છે એમ વર્ણનો વાંચતાં આપણે જોઇએ છીએ. શ્રી આનંદઘનજી મહારાજ અહીં ઘણો વખત રહ્યા હતા એમ દંતકથા છે. કેટલાક રાસોમાં મેરતા શહેરનું નામ આવે છે. આવી પૂર્વ પુરૂષોથી પવિત્ર થયેલી ભૂમિના દર્શન કરવાનો અલભ્ય લાભ જરૂર લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેરતામાં દાંતનાં રમકડાં મળે છે તે જોવા લાયક છે. શહેરના ખંડેરો જોતાં મનમાં ખેદ થાય છે, કેટલીક રીતે ગોઘા બંદર જેવી તેની સ્થિતિ થયેલી છે. અહીંના આગેવાન જૈનો શ્રીફલોધી તીર્થનો વહિવટ કરે છે. અહીંથી પાછી ફરતી ગાડીમાં મેરતારોડ સ્ટેશને જવું. એ મેરતારોડ જંક્શનથી અનેક પવિત્ર જગોએ જઈ શકાય છે.

## બીકાનેર.

મેરતારોડ જંક્શન સ્ટેશનથી ઉત્તર તરફ બીકાનેર શહેર આવેલું છે. મેરતારોડ અને બીકાનેરની વચ્ચે નાગોર શહેર આવેલું છે. જે પણ જૈનોના પૂર્વ ઇતિહાસમાં મોટો ભાગ બજાવી ગયું છે. ત્યાં પ્રાચીન ચૈત્યો ઘણા છે, ત્યાંના લહીઆઓ વખણાય છે અને તે શહેર પણ યાત્રા કરવા લાયક છે. વખતના સંકોચને લીધે અમે તે શહેરની ભેટ લઇ શકયા નહિ બીકાનેર મોટું સ્ટેટ છે. સ્ટેશન મોટું અને ભવ્ય છે. સ્ટેશનની નજીક મોટી સીરાઇ અને પાઠશાળા છે, સીરાઇમાં સર્વને ઉતરવા દે છે. આ ધર્મશાળામાં ઉતરવાથી સગવડ ઘણા પ્રકારની થાય છે. સીરાઇ નજીક ગાડીઓ પણ તૈયાર મળે છે. તેથી બીકાનેર શહેર જે તદ્દન નજીકજ છે, ત્યાં જતાં વખત લાગતો નથી. બીકાનેર શહેરની બાંધણી બહુ આકર્ષક છે. લગભગ ઘણાખરા મુકામો સ્વચ્છ, સારી બાંધણીવાળાં અને ઓટલા વિગેરેની સગવડવાળાં જણાય છે. છાપરા વગરના, અગાશીવાળા અને એક સરખા ઘાટના મુકામો એક પંક્તિમાં હોવાથી જોનારને આનંદ થાય છે, અને તે ઉપરાંત આંગણાનો ભાગ લીંપીને તથા વાળીને સ્વચ્છ અને સુઘડ રાખવાની ખાસ સંભાળ રાખવામાં આવતી હોય એમ જણાઇ આવે છે. આખા શહેરમાં વીજળીની લાઇટ છે.

શ્વેતાંબર જૈનોનાં ત્યાં ૩૨ પ્રાસાદ છે એમ તેઓ ગણે છે. એક દેરાસરમાં બે ચાર પ્રાસાદને જૂદા જૂદા ગણવાનો મારવાડમાં રિવાજ છે. વાસ્તવિક ગણતરી પ્રમાણે ત્યાં બાર ચૈત્યાલયો છે. એ સર્વ બહુ સુંદર અને મોહક છે. એમાંના ઘણાખરાં ચૈત્યોમાં આરસ ઉપર અથવા ભીંત ઉપર સુંદર મીણાકારી કામ કરવામાં આવેલું છે અને દેરાસરમાં સુઘડતા જાળવી રાખવા માટે તથા આશાતના ન થવા દેવા માટે ખાસ સંભાળ તે શહેરની સાધારણ રીત પ્રમાણે રાખવામાં આવે છે. આખા શહેરનાં સર્વ ચૈત્યો એક સરખી રીતે સુંદર હોય એવો બનાવ આ શહેર સિવાય બીજી કોઇ પણ જગોએ જોવામાં આવ્યો નથી. દરેક ચૈત્ય એટલું વિશાળ અને તેમાં આવેલા જિનબિંબો એટલાં સુંદર છે કે આ શહેરની આત્મોદ્ધાર માટે–ચેતનજીની શાંતિ માટે એક વાર ભેટ લેવાની ખાસ જરૂર છે. એ શહેરની સુઘડતા એટલો આનંદ આપે છે કે જ્યારે જ્યારે ત્યાંની શાંતિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વચ્છતા યાદ આવે છે ત્યારે મનમાં ઓર પ્રકારનો આનંદ થાય છે. શહેર ઘણું મોટું હોવા છતાં માણસોની ધમાધમ માત્ર બજારમાંજ સહજ જોવામાં આવે છે, બાકી સર્વત્ર તદ્દન શાંતિ જણાય છે. વ્યાપારાદિ સામાન્ય પ્રકારનાજ જણાય છે. અહીં પુસ્તક ભંડાર ઘણા છે. યતીઓનું આ મુખ્ય મથક છે. જુની શોધ ખોળ કરવાની ઇચ્છાવાળાને અહીં ઘણાં સાધનો તથા હકીકત મળી શકે તેમ છે. જૈનની એ પુરી છે, એ શહેરમાં એક બે દિવસ આનંદથી ગાળવામાં આવશે તો તે ચિર વખત સુધી સ્મરણમાં રહી જશે. અહીંના જૈન બંધુઓ પણ ઉત્સાહી છે. અમે ગયા ત્યારે ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ ચાલતો હતો અને તે માટે પાટણથી ખાસ ભોજકોને બોલાવવામાં આવ્યા હતા.

શહેરમાં હાઇસ્કૂલ, કોર્ટ વિગેરે બીજા અનેક ભવ્ય મુકામો છે. જે ધીરાઇમાં અમે ઉતર્યા હતા તે પણ બહુ સુંદર છે. નજીકમાં મોદીખાનું છે, દૂધ દહીં વિગેરે મળી શકે છે, વચ્ચે બાગ છે અને ફરતી કોટડીઓ છે. સગવડમાં કોઈ પ્રકારની ખામી નથી. અહીંથી વધારે આગળ જવાની ઇચ્છા હોય તો રતનગઢ જઈ શકાય છે. ત્યાં અજમેરમાં જેવું મુળચંદ સોનીનું દિગંબર ચૈત્ય છે તેવુંજ શ્વેતાંબર ચૈત્ય મોટા ખર્ચથી તૈયાર થાય છે તે ખાસ ભેટવા લાયક છે. વખતના સંકોચથી અમે તે શહેર જઇ શકયા નહિ. પાછા ફરતા વળી મેરતા રોડ જંકશન આવવું પડે છે. અહીં જે સામાન મૂકયો હોય તે લઇ લેવાનો વખત મળે છે. એ પ્રમાણે વ્યવસ્થા કરી અમે જોધપુર આવ્યા. મેરતા રોડની ઉત્તરે બીકાનેર છે અને દક્ષીણે જોધપુર છે.

જોધપુર બીકાનેર સ્ટેટ રેલવે ફુલેરાથી મુખ્ય લાઈનમાં નીકળી મેરતા રોડને રસ્તે થઇ મારવાડ જંકશન મુખ્ય લાઈન (રજપુતાના–માળવા રેલવે) ને મળી જાય છે અને મેરતા રોડથી એક બીજો ફાંટો નાગોર બીકાનેર રતનગઢ લઇ જાય છે અને એક નાનો ફાંટો મેરતાશહેર લઇ જાય છે. રેલવેની આ ગોઠવણ નકશાથી બરાબર સમજી લેવી, નહિ તો બેવડા ફેરામાં પડી વખત ખોવો પડે છે અને પૈસાની બરબાદી થાય છે. આ લાઇન રણમાં થઇને પસાર થાય છે. રસ્તામાં મીઠાંના ક્ષેત્રો આવે છે જે દિવસે જોવા લાયક છે. ઉનાળામાં આ રેલવેમાં દિવસે મુસાફરી કરતાં પાણીની અગવડ બહુ પડે છે તેથી ઘણીખરી ગાડીઓ આ લાઇનમાં રાત્રીના વખતમાંજ ચાલે છે. અમે જોધપુર સવારે છ વાગે આવી પહોંચ્યા.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अहिंसा दिग्दर्शन.

(અનુવાદક-મી. માવજી દામજી શાહ. મુંબઇ.)

(અનુસંધાન પૃષ્ટ ૧૫૦ થી.)

જો કોઈ એમ કહે કે અમે જીવ મારતા નથી, અને અમારે માટે હિંસા પણ થતી નથી. તો એ પ્રમાણે કહેવું તે પણ ફોકટ છે. કારણ કે જો કોઇ માંસ ખાનાર ન હોય તો કસાઇ લોકો બકરા વિગેરેનો વધ શા માટે કરે? એ કારણથીજ ધર્મશાસ્ત્રોમાં પણ એક જીવની પછવાડે આઠ માણસોને પાપના ભાગીદાર ગણવામાં આવેલા છે. જેમકે—

अनुमन्ता विशसिता, निहंता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः ॥

**અર્થ**—મારવામાં સલાહકાર, શસ્ત્રવડે મરેલા જીવોના અવયવોને અલગ પાડનાર, મારનાર, પૈસા આપી લેનાર તથા વેચનાર, સમારનાર, પકાવનાર તેમજ ખાનાર–એ બધા ઘાતકજ કહેવાય છે.

આ સ્થળે કેટલાએક માંસાહારી લોકો એ પ્રશ્ન કરે છે કે જો એમ છે તો ફલાહારી પણ ઘાતકજ કહી શકાય, કેમકે શાસ્ત્રકારોએ વનસ્પતિ વિગેરેમાં પણ જીવ માનેલ છે, છતાં ફલાહારી અને ધર્માંધ માણસો માત્ર માંસાહારી ઉપરજ શા માટે આક્ષેપો કરે છે? એનો ઉત્તર એ છે કે સર્વ જીવ પોતપોતાના પુન્યાનુસાર જેમ જેમ ઉચ્ચ ઉચ્ચ પદવીને પ્રાપ્ત કરતા જાય છે, તેમ તેમ તેને વધારે પુન્યવાન્ ગણવામાં આવે છે. એ કારણથી જ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય એવા સૃષ્ટિમાં રહેલા સર્વ જીવોના મૂળ પાંચ ભેદો માનવામાં આવેલા છે. એમાં એકેંદ્રિય જીવ કરતાં બેઇંદ્રિય જીવ વધારે પુન્યવાન્ હોય છે, તેમજ બેઇંદ્રિયથી તેઇંદ્રિય, તેઇંદ્રિયથી ચઉરિંદ્રિય, અને ચઉરિંદ્રિથી પંચેંદ્રિય એવી રીતે સર્વોત્કૃષ્ટ જીવ પંચેંદ્રિયને ગણવામાં આવેલા છે. પંચેંદ્રિયમાં પણ ઓછા વત્તા પ્રમાણના પુન્યવાળા જીવો હોય છે. અર્થાત્ તિર્યંચ પંચેંદ્રિય (બકરા ગાય-ભેંસ વિગેરે) માં હાથી વધારે પુન્યવાળો છે. તેમજ મનુષ્ય વર્ગમાં રાજા મંડલાધીશ, ચક્રવર્તી અને યોગી વધારે પુન્યશાલી હોવાને લીધે તેઓને મારવાને શાસ્ત્રમાં સખ્ત મનાઇ કરવામાં આવેલ છે. કારણ કે યુદ્ધ કરતાં કદાચ રાજા પકડાઇ જાય તો પણ તેને મારવામાં નથી આવતો. એથી એવું સાબીત થાય છે કે, એકેંદ્રિય કરતાં બેઇંદ્રિયને મારવામાં અધિક પાપ છે, બેઇંદ્રિય કરતાં તેઇંદ્રિયને મારવામાં અધિક પાપ થાય છે, એમ વધારે વધારે પુન્યશાલીને માર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં વધારે વધારે પાપ થાય છે. એથી કરીને જ્યાં સુધી એકેંદ્રિય જીવવડે નિર્વાહ થઈ શકે ત્યાં સુધી પંચેંદ્રિય જીવને મારવો એ તદ્દન અયોગ્યજ છે: જો કે એકેંદ્રિયને મારવો તે પણ પાપ થવાનુંજ કારણ છે પરંતુ ખોરાકી માટે કોઈ બીજો ઉપાય ન હોવાથી ( અણછૂટકે ) તે કાર્ય લાચારીથી કરવું પડે છે. એથી કરીનેજ કેટલાંએક ભવ્ય જીવ આવા પાપના ભયથી ધન ધાન્ય રાજપાટ વિગેરેનો ત્યાગ કરી સાધુ થઇ જાય છે. અને ( યાવજ્જીવ ) જીવે ત્યાં સુધી પાણી, અગ્નિ, વનસ્પતિ વિગેરેને અડકતાં પણ નથી, અને ભિક્ષામાત્રથી પોતાનું ઉદર-પોષણ કરી લે છે. મનુષ્યો પણ લાચારીથી એકેંદ્રિયનો નાશ કરે છે અને તે પાપનો પરિહાર કરવા માટે સાધુ–મુનિરાજોની સેવા, દાન, ધર્મ, આવશ્યક ક્રિયા વિગેરે જીવતાં સુધી કર્યા કરે છે.

ભિક્ષામાત્રથી ચલાવનાર સાધુઓને આરંભનો દોષ લગાર પણ લાગતો નથી. કારણ કે ગૃહસ્થ–માણસો જે પોતાને માટે રાંધે છે, તેમાંથી એ લોકો જરૂર હોય તેટલુંજ તથા દોષવિનાનું માત્ર ગ્રહણ કરે છે. એ હેતુથી ગ્રહસ્થને એવી પણ ખબર પડવા દેતા નથી કે આજ મારે ત્યાં સાધુ–મહારાજ ભિક્ષા લેવા આવનાર છે. અજાણતાંજ ભોજન વખતે ગ્રહસ્થના ઘર તરફ જઇને સમયાનુસાર જે મળે તે આહાર ગ્રહણ કરી લે છે. જેથી કરીને કોઇ પણ દોષ પહેલાં અથવા પછવાડે લાગવાનો સંભવ નથી.

આ સ્થળે કોઇ એ પ્રશ્ન કરે કે 'ત્યારે સાધુઓને આવશ્યક વિગેરે ક્રિયા કરવાનું શું પ્રયોજન છે?' એનો ઉત્તર એ છે કે–'આહાર નિહારાદિને માટે સાધુ મહારાજાઓને–ઉપયોગપૂર્વક જવા આવવામાં પણ કદાચ ઉપયોગની શૂન્યતાથી દોષ લાગી પણ જાય છે. તેના પ્રાયશ્ચિત્તરૂપે તે ક્રિયા કરવામાં આવે છે.'

મહાશય! લોકવ્યવહારથી અનુભવદ્વારા વિચાર કરવામાં આવે તો એક સામાન્ય ન્યાય પણ દેખવામાં આવે છે કે–"જેવો આહાર તેવો વિચાર (ઓડકાર)." અર્થાત્ ઉત્તમ ખોરાક ખાવાથી ઉત્તમ વિચારજ થઇ શકશે અને મધ્યમ ખોરાકથી મધ્યમ. પરંતુ હલકો આહાર કરવાથી હલકોજ વિચાર થઇ આવે છે. એટલા માટે તમામ દર્શનવાળાઓના મહાત્માઓ, જ્યારે યોગારૂઢ બને છે, ત્યારે તેઓનો ખોરાક કેટલો અલ્પ હોય છે તે પણ જોવા લાયક છે. સારાંશ એ છે કે, સર્વોત્તમ ( સાત્ત્વિક ) ખોરાકમાં મગની દાળ અને ચોખા તથા તેની સાથે વનસ્પતિમાંનું કોઇ પ્રકારનું શાક ગણવામાં આવેલ છે. કારણ કે ભાત હલકા તથા પુષ્ટિ કરનાર ભોજન છે. એટલા માટે ઘણું કરીને તમામ દેશોમાં તે ખોરાક ઉત્તમ ગણવામાં આવેલ છે. અને ઘણું કરીને ચોખા ખાનારા બુદ્ધિશાળી જોવામાં આવે છે. હાલના જમાનાના અલ્પજ્ઞ, તથા જીહ્વા ઇંદ્રિયની લાલસાવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા ઉત્તમ ખોરાકમાં તદ્દન નિંદનીય માંસને મેળવીને ભાતનો સર્વોત્તમ અને સ્વતંત્ર ( બુદ્ધિવર્ધક ) ગુણ નષ્ટ કરી દેછે. અને બાકી રહેલા અલ્પ ગુણને પણ માંસ વિગેરેનો ગુણ માને છે. એ તેઓની કેટલી મોટી ભૂલ છે? અથવા માછલી માંસને છોડીને દાળભાતનોજ ખોરાક રાખ્યો હતે તો આજસુધી બંગાળ વિગેરે દેશ બુદ્ધિબળમાં ઘણોજ આગળ વધી પડતે, છતાં આજે ઇંગ્લાંડ જે બુદ્ધિબળમાં તેજ ગણાય છે તે ભાતનોજ પ્રતાપ છે. જો કે બુદ્ધિબળ એ મુખ્ય ગુણ આત્માનોજ છે તોપણ વાયુના વેગથી તે મલિન થઈ જાય છે, અને માંસાહાર વાયુને વધારે છે, માટેજ કેવળ માંસનો ખોરાક ખાનારાને જંગલી (મૂર્ખ) ગણવામાં આવે છે. જો કે કોઇ કોઈ દેશના માણસો વધારે બુદ્ધિશાળી હોય છે, તેનું કારણ પણ તેના દેશમાં વાયુનો પ્રકોપ ઓછોજ માનવો જોઇએ. જે આહારમાં વાયુનો પ્રકોપ ઓછો હોય છે, તે આહાર ઘણો સરસ માનવામાં આવે છે. ભાત દાળ અને શાકાદિક વાયુને વધારતા નથી. એટલા માટે એ ઉત્તમ ભોજનજ છે. ઘઉંની રોટલી ને અડદની દાળને મધ્યમ ભોજન ગણવામાં આવે છે. કારણ કે એમાં બુદ્ધિની વૃદ્ધિ અને હાનિ બંનેનો પ્રસંગ જણાય છે; પરંતુ વાયુ વિશેષ કરનાર હોવાથી સૌથી હલકો માંસનો ખોરાક ગણવામાં આવે છે. એટલા માટેજ માણસોને ઉત્તમ ખોરાક ગ્રહણ કરવાની જરૂરીયાત છે, અને હલકો ખોરાક તમામ પ્રકારે છોડી દેવા યોગ્ય છે. જે દેશમાં માંસાહારનો વિશેષ પ્રચાર હોય છે તે દેશ ઇતિહાસની દ્રષ્ટિએ અસભ્ય ગણવામાં આવે છે. પરંતુ ભારતવર્ષ હમેશા અને તમામ પ્રકારે કળાઓના સંબંધમાં પ્રવીણતા ધરાવનાર હોવાથી અસભ્ય માનવામાં આવતો નથી. હવે એ વાત રહી કે, તેના કેટલાએક ભાગોમાં અને કેટલીએક જાતિઓમાં તથા ધર્મોમાં માંસનો ખોરાક પેસી ગયો છે. તેનું કારણ એ છે કે, શ્રી મહાવીર સ્વામીની પછવાડેના સમયમાં બાર વર્ષનો દુકાળ ત્રણવાર પડી ગયો. તે વખતે અન્ન નહિં મળવાથી ઘણાખરા લોકો પોતપોતાના પ્રાણની રક્ષા કરવાને માંસાહારી થઈ ગયા. પછી ધીમે ધીમે દુષ્કાળ મટીને સુકાળ થયો છતાં પણ માંસાહારનો અભ્યાસ દૂર ન થયો. વળી જૈન સાધુઓનો વિહાર પૂર્વ દેશ વિગેરેમાં શુદ્ધ આહાર પાણી ન મળવાથી તથા મુસલમાનોનો ઉપદ્રવ વિશેષ હોવાથી બંધ થઇ ગયો, એથી કરીને એ લોકોને અહિંસા ધર્મનો ઉપદેશ મળી શક્યો નહિં.

કેટલાએક કલ્યાણાભિલાષી ભવ્યજીવોએ માંસાહારી બ્રહ્માણોને એ પ્રશ્ન કર્યો કે, " મહારાજ ! માંસાહાર કરનારાઓને શાસ્ત્રોમાં મોટો દંડ આપવાનું ફરમાવ્યું છે. અર્થાત્ પશુના શરીરપર જેટલા રૂંવાટા હોય છે તેટલા હજાર વર્ષ મારનારને નરક ગતિના દુઃખનો અનુભવ કરવો પડે છે એમ કહ્યું છે, તો માંસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાનારાઓની શી ગતિ થશે? એના ઉત્તરમાં બ્રાહ્મણોએ કહ્યું કે "અવિધિપૂર્વક માંસ ખાવાથીજ નરકગતિ થાય છે. પરંતુ વિધિપૂર્વક માંસ ખાવાથી ધર્મ થાય છે. એટલા માટે તમે જો દેવપૂજા કે શ્રાદ્ધ વિગેરેમાં માંસ ખાશો તો નુકશાન નહિ થશે." આવી રીતે પૂર્વોક્ત વાતનો ઉપદેશ કરવો પણ શરૂ કર્યો. અને જેવી મનમાં આવી તેવી યોજનાથી નવા શ્લોકો પણ બનાવીને શાસ્ત્રોમાં દાખલ કરી ભેળશેળ કરી દીધા.

જુઓ, ઇંદ્રિયોના સ્વાદમાં લાલચુ બ્રાહ્મણાદિકોએ પોતાની ખોટી કીર્ત્તિને માટે કેવો અનર્થ ફેલાવી દીધો? વિચાર કરવા જેવી વાત છે કે હિંસા વિગેરેથી જો ધર્મ થતો હોય તો અધર્મ કેવી રીતે થશે? કારણકે માંસાહાર કરનારાઓનું મન ઘણું કરીને દુષિત અને મલિનજ હોય છે. કોઇ પણ તિર્યંચ જીવને દેખતાં તેને એવો ખ્યાલ ઉભો થાય છે કે, આ જીવ કેવો સુંદર છે? આનું માંસ કેવું સ્વાદિષ્ટ તથા પુષ્ટિ કરનારૂં હશે? તથા આના શરીરમાંથી કેટલું માંસ નીકળશે? એટલા માટેજ માંસાહારીઓને વનમાં હરણ વિગેરે જાનવરોને જોતાં વેંત તેને પકડી પાડવાની મરજી થઇ જાય છે. અથવા તળાવ કે નદીને કાંઠે માછલાઓને જોતાં વેંત મારવાની ઇચ્છા ઉત્પન્ન થઇ જાય છે. એવી રીતે આઠે પહોર હિંસક જીવ રૌદ્ર પરિણામવાળો રહ્યા કરે છે. જેવી રીતે વાઘ, સિંહ, બીલાડી વગેરે હિંસક જીવોને ખાવા માટે કોઇ જીવ ન મળે તોપણ માઠાં કર્મબંધન કરવાથી નરકાદિ ગતિ મળે છે, તેવીજ રીતે માંસાહારી જીવોની પણ દશા જાણવી. અફસોસ! માંસાહારી જીવ સુંદર પક્ષીઓનો નાશ કરીને જંગલોને ખાલી કરી નાખે છે અને સુંદર બગીચામાં પોતાના કુટુંબની સાથે આનંદને લ્યો બેઠેલા પક્ષીઓને બંદુક વિગેરે વડે મારીને નીચે પૃથ્વીપર પાડી દે છે. ખરૂં કહેવા દ્યો તો તે વખતનો કમકમાટભર્યો દેખાવ દયાળુ પુરૂષોથી તો દેખી પણ શકાય નહિ. પરંતુ માંસાહારી તો તેને જોઇને ઘણી પ્રસન્નતાથી મારનારને ઉત્તેજન આપે છે કે વાહ! શાબાશ! એકજ ગોળીએ કેવું નિશાન તાક્યું!

આ સ્થળે એક એ પણ વિચારવા યોગ્ય વાત છે કે, એક પક્ષીને મારનાર એકજ જીવનો હિંસક નથી; પરંતુ અનેક જીવોનો હિંસક છે. કેમકે જે પક્ષીને મરણ પમાડ્યું હોય તે કદી જો સ્ત્રીજાતિ હોય, અને તેના નાનાં નાનાં બચ્ચાં હોય તો માતા મરી જવાથી તે જીવી શકતા નથી. વળી તે બધાના મરી જવાથી મારનારને ભયંકર પાપનો બંધ થાય છે. એટલા માટે તે કર્મબંધનનું અત્યંત દૃઢ કારણ હોવાથી પહેલેથીજ બુદ્ધિમાન પુરૂષોએ વિચારવું જોઇએ.

હવે બીજી વાત એ રહી કે હિંસા નહિ કરવા છતાં પણ કેટલાએક લોક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પક્ષીઓને પાંજરાંમાં પૂરી મૂકે છે તેમાં પણ મોટું પાપ થાય છે. અર્થાત્ જે લોકો જંગલમાંથી નવા નવા પક્ષીઓને પકડવામાં હજારો રૂપીયાનો ખર્ચ કરે છે, અને તેના ખાનપાનને માટે અનર્થ પણ કરે છે, એવા શોખીન અને પૈસા-પાત્ર લોકોએ સમજવું જોઇએ કે, પક્ષીઓની વનસંબંધી સ્વતંત્રતાનો ભંગ કરી, કેદીની માફક તેને પાંજરામાં નાંખી, અધર્મને ધર્મ માનીને જે એમ ધારે છે કે અમે તો પક્ષીઓને દાણો ચારો ઘણો દઇએ છીએ, બીજાના ભયથી અલગ રાખીયે છીએ અને બજારમાં વેચાતા જીવોને માત્ર તેનાપરની દયાથીજ વેચાતા લઇને રાખીએ છીએ તે તેઓની માન્યતા તદ્દન ખોટી છે. કેમકે તેને તેના કુટુંબથી જુદો કરે અને બંધનમાં નાંખીને સારો ખોરાક આપે તો શું તે તેનાથી સારૂં માનશે ? અને જે બજારમાં પક્ષી વેચાવા આવે છે, તેને કદી કોઇ જો ન ખરીદે, તો વેચનાર કયારે પણ વેચવા માટે ન લાવે. કારણ કે માંસાહારી એવા એવા પક્ષીઓનાં માંસ ઘણું કરીને ખાતા નથી. એમાં કારણ એ છે કે ખર્ચ વધારે થતાં છતાં માંસ ઓછું મળે છે. એટલા માટે જે દેશમાં પક્ષી પાળવાનો ચાલ નથી હોતો ત્યાં જુદા જુદા પ્રકારના લખ્ખો પક્ષીઓ રહેતાં છતાં પણ એક પણ બજારમાં વેચાતું નથી, કારણ કે વેચનારાઓને પૈસા મળતા નથી. ગુજરાત વિગેરે દેશોમાં નીચ અને બીજા દેશોથી આવેલા ઘણું કરીને બાવા અને ફકીર લોકો પક્ષીઓને પાળે છે. પરંતુ ત્યાંના નિવાસી ગ્રહસ્થ લોકો દયાળુ હોવાથી પશુશાળામાં ( પાંજરાપોળમાં ) જીવોને છોડાવી દે છે. પ્રસંગોપાત એક વાત આ સ્થળે એ યાદ આવે છે કે સઘળા દેશોમાં જેને પુત્ર, પુત્રી થતાં નથી, તે અનેક દેવદેવીની માનતા કરે છે અને મંત્ર તંત્ર યંત્રા-દિનો પ્રયોગ પણ કરી ચૂકે છે તોપણ તેને સંતતિ થતી નથી; તેનું કારણ ઘણું કરીને તો એજ છે કે પૂર્વ ભવમાં તેણે અજ્ઞાન દશાથી કોઇના બચ્ચાંનો પોતાના માબાપથી વિયોગ કરાવ્યો હશે. અથવા પક્ષીઓને પાંજરામાં નાંખ્યા હશે. એટલે તે વખતે તેનાં બાળકોને દુઃખ દેવાથી આ ભવમાં એ પાપનો ઉદય થવાને લીધે કેટલાએક લોકોને પુત્ર ઉત્પન્ન પણ થતા નથી અને કોઇને થાય છે તો જીવતા નથી. જો કે પુત્રવિનાના લોક પુત્રને માટે સંન્યાસી, સાધુ, ફકીર વિગેરેની પૂજા કરેછે. કેમકે "સેવાને આધીન બધુંએ છે." એ સામાન્ય ન્યાય છે અને કોઇ વખતે યોગી અને ફકીરને પ્રસન્ન દેખીને પુત્રપ્રાપ્તિને માટે પ્રાર્થના પણ કરે છે. તે એવી રીતે કરે છે કે–" મહારાજ ! મને એક પુત્રની ઇચ્છા છે તો તેની પ્રાપ્તિ માટે કોઇ ઉપાય બતાવો." પરંતુ એવા યોગીઓ અને ફકીરોને તત્ત્વજ્ઞાન તો કશું હોતું જ નથી. એટલે માત્ર બાહારનો ડોળ–આડંબર વધારે હોવાથી લાભની અપેક્ષાએ જેમાં હાની વધારે થાય છે એવા કાર્યને તે ઘણું કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખાડે છે. એમાં દૃષ્ટાંત એ છે કે, જેમ કીડીઓનાં દરની પાસે લોકો તેના ખાવા માટે સાકર અને લોટ નાંખે છે, તેથી વધારે કીડીઓ ત્યાં આવે છે. અને એ ઉપાય પુત્રોત્પત્તિનો માને છે. કારણ કે બિચારા ભોળા લોકો ધર્મતત્ત્વના અજાણ, અને કર્મપ્રકૃતિનો વિશ્વાસ નહિં ધરાવનારા હોવાથી તેઓ લાભાલાભનો વિચાર નહિં કરીને કેટલાએક દેશોમાં એવી ક્રિયા કરનારા જોવામાં આવેછે. પરંતુ આ સ્થળે વિશેષ વિચાર કરવાનો અવસર છે કે લોટ અને સાકર નાંખવાથી કીડીઓ ઘણી એકઠી થાય છે. પરંતુ કોઈ બીજો જીવ તે લોટ તથા સાકર ખાઇ જાય છે તો તેની સાથે ઘણી કીડીઓનો સંહાર થઇ જાય છે. ઘણે ઠેકાણે જોવામાં પણ આવ્યું છે કે તે જીવ લોટ ચાટી જઇને ઘણી કીડીઓનો સંહાર કરી નાંખે છે. આ એક વાત થઇ. બીજી વાત એ છે કે કીડી સંમુર્છિમ જીવ હોવાથી માતા પિતાના સંયોગ વિના ઉત્પન્ન થાય છે, તો લોટ અને સાકરના મળવાથી હવાનો સંયોગ થતાં નવી કીડીઓ પારાવાર ઉત્પન્ન થાય છે. અને તેની હિંસા થાય છે. તો આથી સ્પષ્ટ એ થાય છે કે કેટલાએક ધર્મના કાર્યો કરવા જતાં ઉલટો અધર્મ થઇ જવાનો સંભવ રહે છે. પુત્રપ્રાપ્તિનો ઉપાય તો પરોપકાર, શીળ, સંતોષ, દયાધર્મ વિગેરેજ છે અને એવાંજ ધર્મકૃત્યો કરવાથી પુત્રની પ્રાપ્તિ થઇ શકે છે. પરંતુ પાપવાળી ક્રિયા કરવાથી તેવું સારૂં ફળ મળતું નથી. એટલા માટે જેમાં લાભની અપેક્ષાએ હાની વધારે હોય તે ક્રિયા નહિં કરવી જોઇએ. સમસ્ત તત્ત્વવેત્તાઓએ પરોપકારનેજ સાર માનેલ છે. કારણકે જેમ માતા વગર પુત્રનો જન્મ નથી થતો તેવીજ રીતે દયા વિના પરોપકાર નથી થતો. જુઓ આ પરોપકાર ઉપર વ્યાસજીનું વચન—

**अष्टादश पुराणेषु, व्यासस्य वचनद्वयम् ।**
**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥**

અર્થાત્–અઢાર પુરાણોમાં અનેક વાતો કહેલી છે છતાં પણ મુખ્ય બેજ વાતો છે. એક તો પરોપકાર તે પુણ્યને માટે છે અને બીજી અન્યને દુઃખ દેવું એ પાપને માટે છે. અર્થાત્ બીજાને દુઃખ દેવાથી અધર્મજ થાય છે અને જીવદયારૂપ પરોપકાર કરવાથી પુન્યજ થાય છે અને તેથી સ્વર્ગ તથા મોક્ષ મળે છે.

હવે લોકવ્યવહારથી ઉલટું અનુભવ સિદ્ધ શાસ્ત્રદ્વારા અહિંસાના સ્વરૂપનું યથાર્થ દિગદર્શન કરાવવામાં આવે છે. અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनागम प्रकाशन कार्य.

આ કાર્ય હાલમાં અમદાવાદમાં નવી સ્થપાયેલ **શ્રી જૈનાગમ પ્રકાશક સભાએ** હાથ ધર્યું છે. જૈનાગમ વાંચવાને માટે સિદ્ધાંતકારેજ પૃથક્ પૃથક્ અધિકારી બતાવેલા છે. સાંસારિક વિષય કષાયના ભરેલા શ્રાવકોને માટે શાસ્ત્રકારોએ ગુરૂમુખથી સિદ્ધાંત સાંભળવાનું અનેક સ્થાનકે કહ્યું છે. જૈનાગમની અંદર એટલું બધું રહસ્ય રહેલું છે કે તે બહુશ્રુત શિવાય સામાન્ય બુદ્ધિથી સમજી શકાય તેમ નથી. મુનિ મહારાજને માટે પણ અમુક વર્ષના દીક્ષાપર્યાય પછી અમુક સૂત્ર વાંચવું એવો શ્રી વ્યવહાર સૂત્રાદિમાં ઉલ્લેખ છે; તો પછી શ્રાવકોથી પરભાર્યાં તો તે વાંચીજ શકાય તેમ નથી. સાધુઓને માટે પણ તે સૂત્રો વાંચવાની યોગ્યતા મેળવવા સારૂ યોગોદ્વહન કરવાની ક્રિયા બતાવવામાં આવી છે કે જે ક્રિયા તે તે સૂત્રો વાંચવાની યોગ્યતાને માટે આત્માને નિર્મળ કરવામાં પ્રબળ સાધનભૂત છે. શ્રાવકને પણ ચઉસરણાદિપયન્ના વાંચવા માટે ત્રણ ત્રણ આંબિલ કરવાં પડે છે. સાધ્વી મહારાજને ગમે તેટલો દીક્ષાપર્યાય થાય તો પણ અગ્યાર અંગ ઉપરાંત બારમા અંગ ( દૃષ્ટિવાદ ) ના અભ્યાસને માટે આજ્ઞા નથી. એટલુંજ નહીં પણ છ છેદ સૂત્રો વાંચવાને માટે પણ તેમને અનુજ્ઞા નથી. આવા અનેક પ્રકારના પ્રતિબંધ માત્ર આ અલ્પસત્વી જીવના હિતને માટે–તેને એ રસાયણ ઉલટું હાનીકારક ન થાય એટલા માટે કરેલા છે અને તેમ કરીને 'અધિકારી પરત્વેજ શાસ્ત્ર' હોય છે એ સૂત્રને દૃઢ કરેલ છે. દરેક શાસ્ત્રના પ્રારંભમાં પ્રાયે તે તે શાસ્ત્રના અધિકારી બતાવેલા હોય છે. આ પ્રમાણે અધિકારી શિવાય જો કોઇ પણ શાસ્ત્ર વાંચે તો તેને માટે કાચા ઘડામાં પાણી ભરવાનું દૃષ્ટાંત આપેલું છે. તેમજ રોગી મનુષ્યને રસાયણ ખવરાવવાનું દૃષ્ટાંત આપેલું છે. કાચા ઘડામાં પાણી ભરવાથી તે પાણી તો તેમાં રહેજ નહીં પણ ઉલટો ઘડો વિનાશ પામે, તેજ પ્રમાણે અધિકારી વિના શાસ્ત્ર વાંચવાથી તેનું રહસ્ય ન સમજતાં ઉલટો વાંચનાર શ્રદ્ધાનો નાશ થવા વિગેરે હાનીને પાત્ર થાય છે. રોગી શરીરવાળાને રસાયણ આપવાથી તેના શરીરને પુષ્ટિ થવાને બદલે રસાયણ ન પચવાથી ઉલટો તેનો દેહ વિનાશ પામે છે.

હાલમાં આ કાર્ય હાથ ધરનારા જેને પરમ પૂજ્ય માને છે તેમણે પોતેજ તેના અનેક ભક્તોને અમુક બુક વાંચવાનો તું અધિકારી નથી એમ કહેલું અમે કાનોકાન સાંભળ્યું છે. તે વચનને અંગીકાર કરનારા અત્યારે પરમાત્માના સર્વમાન્ય આજ્ઞાનો લોપ કરવા ઉભા થયા છે તેનું કારણ કાંઇ સમજાતું નથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ આગમસંગ્રહની સાથે તેઓ પોતાના પૂજ્ય પુરૂષનું નામ જોડવા માગે છે તે પણ શી રીતે સંગતીવાળું છે તે સમજી શકાતું નથી.

આવા અપૂર્વ અને ન સમજી શકાય તેવા રહસ્યથી ભરેલા સિદ્ધાંતોનું ને તેની ટીકાનું ભાષાંતર જેમનો જૈન સિદ્ધાંતોમાં પ્રવેશ પણ નથી એવા શાસ્ત્રીઓ પાસે કરાવવા ધાર્યું છે તે પણ કેટલું વિપરિત છે? જેનો વાસ્તવિક અર્થ કરવામાં સામાન્ય અનુભવી સાધુ પણ છક્કડ ખાઇ જાય તેવા સૂત્રોનો અર્થ શાસ્ત્રીઓ શું કરશે? તેઓ તો પ્રથમ એક વિદ્વાને વજ્ર ઋષભ નારાચ સંઘયણનો અર્થ વજ્ર, બળદ ને બાણની જેવું સંઘયણ કર્યો હતો તેવો કરશે અને ઉલટા જૈનાગમની મહત્વતા ટાળી દઇને તેને લઘુતા પમાડશે. આ કાંઈ ઓછા ખેદનો વિષય નથી.

વળી આગમ પણ પીસ્તાળીશે પ્રકટ કરવા છે. છેદસૂત્રોને પણ બાકી રાખવા નથી. કરવું ત્યારે પછી ઓછું શા માટે રાખવું? આગમમાં પણ પ્રથમ શ્રી ભગવતી સૂત્રનેજ હાથ ધરવામાં આવ્યું છે, કે જે અગ્યારે અંગમાં ઘણું મહત્વતાવાળું સૂત્ર છે.

સિદ્ધાંતો વાંચવાની શ્રાવકોને મનાઇ કરવામાં એવી શંકા કરવાને તો યત્કિંચિત્ પણ કારણ નથી કે તેમાં કાંઈ સાધુને માટે અનાચાર કરવાની છુટછાટ આપેલી છે કે જે છુપાવવાને કારણ હોય. અથવા એવી કાંઈ દોલત કે દોલત મેળવવાના મંત્ર તેમાં છુપાવેલા નથી કે શ્રાવકો તે લઇ જશે કે તેમાં ભાગ પડાવશે તેનો ભય હોય. ના પાડવાનું ખાસ કારણ શ્રાવક વિષય કષાયમાં પડેલો હોવાથી તેના આત્માની તે સૂત્રો વાંચવા જેટલી નિર્મળતા હોતી નથી–તેજ છે. કદી તે વાંચવાની તીવ્ર અભિલાષાજ જાગૃત થઇ હોય તો તેમાં કહ્યા પ્રમાણે યોગ્યતા સંપાદન કરીને એટલે મુનિપણું અંગીકાર કરી યોગોદ્વહન કરી બહુશ્રુતની પાસે વાંચો. પ્રથમ એક બ્રાહ્મણ માતાની પ્રેરણાથી દ્વાદશાંગી ભણવા એક આચાર્ય પાસે ગયા હતા. આચાર્યે કહ્યું કે અમારી જેવા થાય તેનેજ તે ભણાવાય છે, તો તે તરતજ તેવા થયા. કારણકે તેને તો દ્વાદશાંગી ભણીને માતાને પ્રસન્ન કરવી હતી. આમ ન કરતાં પોતે તો વિષય કષાયમાં ખુંચ્યા રહેવું અને સિદ્ધાંતો વાંચવાની અભિલાષા કરવી એ પોતાને હાથે પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવું કાર્ય છે.

આ કાર્યના સંબંધમાં સદરહુ સભાના માનદ સેક્રેટરીએ અનેક સ્થાનકે છાપેલા પત્રો મોકલી અભિપ્રાયો માગ્યા હતા. જ્યારે નવી સીસ્ટમ પ્રમાણે કામ કરવું છે ત્યારે તો આવેલા તમામ અભિપ્રાયો એકત્ર કરીને પ્રગટ કરવા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં સુજ્ઞ મુનિ મહારાજાઓનો અને અનુભવી શ્રાવકોનો શું અભિપ્રાય આવેલ છે તે તપાસી તે પ્રમાણે વર્તન કરવું. આ સંબંધમાં શ્રી અમદાવાદમાં શ્રાવણ શુદિ ૧૪ શે તમામ ઉપાશ્રયોમાં વ્યાખ્યાન વખતે ચર્ચા ચાલી હતી અને તેને પરિણામે દરેક ઉપાશ્રયમાં સર્વાનુમતે એવો ઠરાવ થયો હતો કે 'આપણે કોઇએ આ કાર્યને ઉત્તેજન આપવું નહીં.' ત્યાર બાદ સદરહુ સેક્રેટરી કેટલાએક મુનિરાજની રૂબરૂ પણ ગયા હતા અને તેમાં પણ તેઓ એક સરખોજ અભિપ્રાય મેળવી આવ્યા છે. આ બાબતમાં જો તેમના વિચારને અનુકૂળ અભિપ્રાય કોઈ પણ મુનિ મહારાજાઓએ કે વિદ્વાન્ અને જૈન શાસ્ત્રના અનુભવી શ્રાવકોએ આપેલ હોય તો તે પ્રગટ કરવો અને તે વિદ્વાન્ મુનિરાજના હાથમાંજ ભાષાંતર કરવા કરાવવાનું કામ મુકવું કે જેથી કોઇ પણ પ્રકારના અર્થ સંબંધી ફેરફારની જોખમદારી તેમને માથે રહી શકે.

આ સંબંધમાં જો વર્તમાન સર્વ મુનિ મહારાજને અને જૈનશાસ્ત્રનો થોડો ઘણો પણ અનુભવ ધરાવનાર શ્રાવકોને કોનઝરવેટીવ વિચારવાળા કહેવામાં આવે અને પોતે અથવા પોતાને વખાણનારાઓને લીબરલ વિચારવાળા કહેવામાં આવે તો તે ન્યાયપુરઃસર નથી. પછી પોતાની મેળે મોતીનો ચોક પૂરે તેને કોઇ ના કહે તેમ નથી.

જેને આવાં જ્ઞાનદાનનાં કાર્યમાં સારી રકમ ખર્ચવાનો ઉત્સાહ છે તેમને આ શિવાય પણ બીજું જ્ઞાનદાન સંબંધી કાર્ય ઉપલબ્ધ થઇ શકે તેમ છે. પૂર્વે પુષ્કળ દ્રવ્યનો વ્યય કરીને કુમારપાળાદિકે પુસ્તક ભંડારો કરાવ્યા છે કે જે સેંકડો વર્ષ થયા છતાં જેમના તેમ મોજુદ હોઇ તેનો લાભ આવે છે. તો આ ઉદાર ગૃહસ્થે પણ બહુ સુજ્ઞોના વિચારને માન આપી તેમાં દ્રવ્યનો વ્યય કરી તેને સાર્થક કરવું.

આ સંબંધમાં **શ્રી સમકિતશલ્યોદ્ધાર** નામની અમારી તરફથીજ બહાર પડેલી બુકમાં "શ્રાવકોએ સૂત્ર ન વાંચવા વિષે" ખાસ એક પ્રકરણજ છે તે સાદ્યંત વાંચી જોવું. વળી શાસ્ત્રમાં અનેક શ્રાવકોનો અધિકાર આવે છે. તેમાં તે તે શ્રાવકોને **લબ્ધાર્થા પૃચ્છિતાર્થા** વિગેરે વિશેષણો આપેલા છે; પણ કોઇ જગ્યાએ **લબ્ધસૂત્રા** એવું વિશેષણ આપવામાં આવ્યું નથી. એ વાત ધ્યાનમાં રાખવી.

પ્રથમ શ્રી આચારાંગ સૂત્રનું ભાષાંતર પ્રગટ કરનારની અભિલાષા પણ આવી રીતનીજ હતી પણ તે પાર પડી નથી. એટલુંજ નહીં પણ એ એક સૂત્રના મૂળનું ભાષાંતર કરવાથી પણ તેમણે કેટલો અનર્થ ઉત્પન્ન કર્યો છે તે પર ધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવા યોગ્ય છે. શાસનનું હિત અને શાસનની ઉન્નતિ ઈચ્છનારાઓ આ કાર્યથી શાસનનું હિત કરશે કે અહિત કરશે? ઉન્નતિ કરશે કે અવનતિ કરશે? તેનો વિચાર કરવાની જરૂર છે. આધુનિક જૈનેતર વિદ્વાનો અર્થ કરવામાં ભૂલ કરશે, તદુપરાંત સૂત્રની જે હકીકત ટીકાકારે ખોલવી હશે તે તેણે પોતાના ઘરની ઉમેરી છે એમ કહેવામાં જરા પણ સ્ખલિત નહીં થાય એ ચોક્કસ ધ્યાનમાં રાખવાનું છે.

આ સંબંધમાં ઘણું લખવાની ઈચ્છા થાય છે પરંતુ જો આટલા લેખથી કાંઇ પણ સારી અસર થયાનું જણાશે તો આગળ ઉપર વધારે લખવાનો પ્રયત્ન કરશું. નહીં તો પછી ફોગટ વધારે લખવાથી લાભ જણાતો નથી. કેમકે જે સમજેલા છે તે તો જાણેજ છે કે જો શ્રાવકને ભણવું છે, વિદ્વાન થવું છે, શાસ્ત્રનું રહસ્ય જાણવું છે તો અનેક ગ્રંથો તેને માટે વિદ્વાન આચાર્યોએ કરેલા મોજુદ છે કે જેનો અભ્યાસ કરતાં જીંદગી પણ પૂરી થઈ જાય તેમ છે. અને જો સિદ્ધાંતનો સાર જાણવાની ઈચ્છા છે તો તેના વાંચનારા અને સમજાવનારા વિદ્વાન મુનિમહારાજાઓ પણ વિદ્યમાન છે. પરંતુ તેમાં તેમની અનુકૂળતા જાળવવી પડશે. બાકી તેમ કર્યા શિવાય પોતાની મેળે સિદ્ધાંતો વાંચવા મંડી જાય ને તેનું રહસ્ય મેળવી આત્માનો ઉદ્ધાર કરે તે કદી બનવાનું નથી. કારણકે જૈન ધર્મમાં આજ્ઞાને પ્રધાનસ્થાન આપેલું છે, તેનું ઉલ્લંઘન કરીને જે કાર્ય કરવામાં આવે તેનું સારૂં પરિણામ આવેજ નહીં એ ચોક્કસ છે.

પ્રાંતે ટુંકામાં જણાવવાનું કે પોતાના વિચાર ગમે તેવા હોય પણ જ્યાં સુધી સિદ્ધાંતનાં અનુભવી મુનિરાજ આ કાર્યમાં સંમતિ ન આપે અને તેમની દેખરેખ નીચે આ કાર્ય ન થાય ત્યાંસુધી આ કાર્ય કરવું કોઇ પણ રીતે ઘટિત નથી.

**ઇત્યલં વિસ્તરેણ.**

## संप.

### છપયછંદ.

સંપ લક્ષ્મિનું સ્થાન, સંપ ત્યાં સદા સુધારો,
સંપ લક્ષ્મિનું સ્થાન, સંપ ત્યાં જપવા વારો,
સંપ લક્ષ્મિનું સ્થાન, સંપ ત્યાં શુદ્ધ વિચારો,
સંપ લક્ષ્મિનું સ્થાન, સંપ ત્યાં વિજય વધારો,
સંપ વિષે સુખ સંપદા, વધે પુત્ર પરિવાર,
**સાંકળચંદ** કહે કરો, સંપ સ્વજનમાં યાર. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## एक खुशी खबर.

એક ગૃહસ્થ ખબર આપે છે કે જુનાગઢ ખાતે જૈન બોર્ડીંગ, અનાથાશ્રમ, વિધવાશ્રમ વિગેરે ખાતાઓ સ્થાપવાને માટે **શેઠ દેવકરણભાઈ મુળજી સંઘવી** તથા **શેઠ નથુભાઈ કૃપારામ** બહુ મોટી રકમની સખાવત કરનાર છે અને તેમના છ આંકડાના મથાળા નીચે બીજી પણ સારી રકમ થવા સંભવ છે. આ બે ગૃહસ્થો આપણા સૌરાષ્ટ્ર દેશની શોભારૂપ છે. તેઓ તરફથી આવી મોટી રકમની સખાવત બહાર પડે તો આપણે બહુ હર્ષિત થવા જેવું છે. અમે તો પ્રથમથીજ આવા નેક વિચારને માટે એ બંને ગૃહસ્થોને ધન્યવાદ આપીએ છીએ અને પોતાને પ્રાપ્ત થયેલા દ્રવ્યનો જૈન કોમના હિતમાં વ્યય કરી તેને સાર્થક કરવાના તેમના ઉત્સાહને વૃદ્ધિ પમાડીએ છીએ. શેઠ દેવકરણભાઈ જો આ કાર્ય હાથ ધરશે તો તેઓ તેમાં બહુ સારી રકમ એકઠી પણ કરી શકશે એવી અમને અંતઃકરણથી ખાત્રી છે. મનુષ્યથી ટુંકી જીંદગીમાં જો આવું એકાદ કાર્ય થાય તો તેની સફળતા છે. બાકી જન્મ ધારણ કરી, દ્રવ્ય મેળવી, તેને અહીં ને અહીં મુકી, ઘણા શ્રીમાનો મુસાફરી પૂરી કરી ગયા છે, પણ તેથી તેમની જીંદગી સાર્થક થઇ નથી. પ્રાંતે ઇચ્છીએ છીએ કે ટુંકા વખતમાં સાંભળેલી હકીકત આંકડા સાથે બહાર પડેલી વાંચવાને ભાગ્યશાળી થઇશું. હાલ તો આ સંબંધમાં આટલુંજ લખી વીરમીએ છીએ.

## खमवुं ने खमाववुं.

હાલમાં પર્યુષણ પર્વ સમાપ્ત થયા છે. આ પર્વને અંગે કરાતી દેવપૂજા, સામાયક, પોસહ, પ્રતિક્રમણ, તપ, જપ, વ્યાખ્યાન શ્રવણાદિ અનેક પ્રકારની ધર્મક્રિયામાં સર્વથી અદ્વિતીય ક્રિયા તે પરસ્પર આખા વર્ષમાં થયેલ અપ્રીતિભાવને ખમવા ને ખમાવવા સંબંધી છે. શુદ્ધ અંતઃકરણથી જો એ ક્રિયા કરવામાં આવે તો પ્રાણીના ઘણા પાપો ઓછા થઇ જાય છે કે જેટલો લાભ બીજી ક્રિયાથી થવો અશક્ય છે. જૈન બંધુઓએ ખાસ આ ક્રિયા ઉપર ધ્યાન આપવા યોગ્ય છે. માત્ર ઉપરથી વચનદ્વારાજ આ કાર્ય ન કરતાં તેમાં અંતઃકરણને ભેળવવું. સામા માણસ તરફ દૃષ્ટિ ન કરતાં આપણે તો અંતઃકરણથી ખમવું ને ખમાવવું, કે જેથી તેની શ્રેણી અહીંથીજ અટકી જાય અને ફરીને તેવો પ્રકાર બનવા ન પામે. આ સંબંધમાં આટલો ટુંકો લેખ પણ જે પ્રાણી હૃદયમાં ધારણ કરશે તેને અમૃતતુલ્ય પરિણામ નિપજાવશે એમ જૈનશાસ્ત્રો સાક્ષી આપે છે.

ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક આનંદદાયક સમાચાર.

ગત માસમાં અમારી સભાના મેમ્બર રા. નાનાલાલ મગનલાલ મહેતા એલ, એમ, & એસ; એલ, આર, સી, પી; એમ, આર, સી, એસ. ઇન્ડીયન મીલીટરી સર્વીસની માનવંતી પરીક્ષા પસાર કરવાના ખુશી સમાચાર અમે જણાવી ગયા છીએ. તે બંધુનો ભાવનગર પાસે વાળુકડ ગામમાં ઈ. સ. ૧૮૮૮માં શ્રીમાળી જ્ઞાતિમાં જન્મ થયો હતો. બાળપણથીજ તેઓ બહુ ચપળ, ઉદ્યોગી, અને સતત્ અભ્યાસી હતા. તેમનું અભ્યાસી જીવન બહુ સારૂં હતું. દર વર્ષે દરેક પરીક્ષા પસાર કરી હતી. ૧૯૦૩માં મેટ્રીક થઇ ભાવનગર શામળદાસ કોલેજમાં પ્રીવીયસનો અભ્યાસ કરી તે પરીક્ષા પસાર કરી ગ્રાંટ મેડીકલ કોલેજમાં દાખલ થયા, અને એલ. એમ. & એસની ત્રણે પરીક્ષા પસાર કરી છેલી પરીક્ષામાં ફર્સ્ટ કલાસમાં પાસ થયા. આ પરીક્ષા પસાર કરી તે દરમીઆનમાં સામાન્ય જ્ઞાન માટે તથા મેડીકલ લાઇનની કુશળતા માટે તેમને ત્રણ સ્કોલરશીપો તથા ચાંદ મળ્યા હતા. ત્યારપછી તરતજ I. M. S. ની પરીક્ષાનો અભ્યાસ કરવા લંડન ગયા, અને ત્યાં પણ સખત હરીફાઇમાં એક પણ વખત નાસીપાસી અનુભવ્યા વગર પહેલેજ પ્રયત્ને તે હરીફાઇની માનવંતી પરીક્ષા પસાર કરી. આવી સફળતા માટે અમે અમારી સભાના સર્વ મેંબરો તરફથી તેમને મુબારકબાદી આપીએ છીએ.

તેમનો ઇંગ્લાંડમાં રહેવાનો મોટી રકમનો તમામ ખર્ચ અમારા અગ્રગણ્ય માનવંત સભાસદ **શા. નરોત્તમદાસ ભાણજી** તરફથી આપવામાં આવ્યો છે. આવી ઉદાર વૃત્તિ માટે તે નરરત્નને ખરેખરો ધન્યવાદ ઘટે છે. આપણા શ્રીમાનો દ્રવ્યનો આવો સદુપયોગ કરતાં શીખશે ત્યારેજ જ્ઞાતિની ઉન્નતિ થશે.

મી. મહેતા કાઠીયાવાડમાં અને જૈન કોમમાં પહેલા I. M. S. છે. અને ગુજરાતમાં છેલ્લા ચાલીશ વર્ષમાં બીજા I. M. S. છે. અમે તેમને અંતઃકરણ પૂર્વક મુબારકબાદી આપીએ છીએ, અને તેમનું હવે પછીનું જીવન જ્ઞાતિ, ધર્મ અને દેશના ઉદય માટે વ્યતીત થાઓ, પરોપકારી કાર્યોમાં તેમની વૃત્તિ વધો, અને તેમની બુદ્ધિનો જૈન કોમને વધારે ને વધારે લાભ મળો તેમ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

અમને આશા છે કે મી. મહેતા માટેની અમારી ઇચ્છામાં અવશ્ય અમે ફળીભૂત થઇશુંજ.

---

## સભામાં દાખલ થયેલા નવા મેમ્બર.

| | | |
|---|---|---|
| શા. વાડીલાલ. | વીરમગામ | પહેલા વર્ગના વાર્ષિક મેમ્બર. |
| મહેતા. ગોવીંદજી ઉમેદભાઇ. | સાણંદ | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

(થોડા વખતમાં બહાર પડશે)

૧ શ્રી શાંતસુધારસ. ટીકા સહિત.
૨ કુવલયમાળા ભાષાંતર. (અત્યંત રસીક ને ઉપદેશક કથા.)

(છપાય છે)

૩ શ્રી પઉમચરિયમ્ (માગધી ગાથાબંધ) રામચરિત્ર.
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.
૫ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન સહિત.
૬ પ્રકરણોના સ્તવનોનો સંગ્રહ. (બીજી આવૃત્તિ)
૭ જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ. (જ્ઞાનના આઠ આચાર કથા સાથે, બે અષ્ટક, પંચજ્ઞાનની પૂજા, બીજી પૂજાઓ, ચૈત્યવંદન, મોટું સ્તવન, સ્તુતિ, સઝાય, જ્ઞાનપાંચમના દેવ અર્થ સહિત વિગેરે).

**શેઠ જમનાભાઈ ભગુભાઈ તરફથી**

૮ મનુષ્યભવની દુર્લભતાના દશ દૃષ્ટાંતો.

(તૈયાર છે)

૯ અધ્યાત્મસાર ગ્રંથ ટીકા સહીત.
૧૦ ,, ભાષાંતર સહીત.
૧૧ ઉપદેશપ્રાસાદ મૂળ સ્થંભ ૬.
૧૨ સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધાર સાર્દ્ધશતક. (શ્રીજિન વલ્લભસૂરિ કૃત) શ્રી ધનેશ્વરાચાર્ય કૃત ટીકા સહીત. (કર્મને લગતો પ્રાચીન ગ્રંથ)

(તૈયાર થાય છે)

૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.
૧૫ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.

આ ગ્રંથો પૈકી નંબર ૩ ને ૧૨ વાળા ગ્રંથો માટે સહાયકની અપેક્ષા છે. જે ગૃહસ્થોને પોતાના દ્રવ્યનો જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સદુપયોગ કરવો હોય તેમણે અમને લખવા તસ્દી લેવી. પત્રવ્યવહારથી તેનો નિર્ણય કરવામાં આવશે. **તંત્રી**

## ગ્રાહકોને ખાસ સૂચના.

ગ્રાહકો પાસેના લેણા લવાજમને વસુલ કરવા માટે ધનપાળ પંચાશિકાની તત્ત્વવાર્તા તથા લક્ષ્મી સરસ્વતીના સંવાદની બુક વેલ્યુપેબલથી મોકલવામાં આવે છે તે સ્વીકારી રકમ આપીને લઈ લેવાનું ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only